ભક્તોપયોગી

# દુઃસંગ વિજ્ઞાન.

નામના

શ્રીમદ્ ગોસ્વામી શ્રી હરિરાયજીએ
રચેલા સંસ્કૃત ગ્રંથનું

## ભાષાન્તર,

શ્રી હરિરાયજીના જીવનચરિત્ર, ઉપોદ્ઘાત,
અને વિવેચન સાથે

---

રચનાર,

## ગોસ્વામી શ્રી અનિરૂદ્ધાચાર્યજી.

નડીઆદ.

---

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

---

કિંમત બે આના.

# ગોસ્વામી શ્રી હરિરાયજીનું જીવનચરિત્ર.

**भक्तानां दुःसंग विज्ञानप्रकार निरूपणम्** નામના ગ્રંથના અને બીજા અનેક લઘુ ગ્રંથોના રચનાર શ્રીમદ્ ગોસ્વામી શ્રી હરિરાયજી શ્રીકલ્યાણરાયજીના જ્યેષ્ટ પુત્ર હતા. એમના પિતા શ્રીકલ્યાણરાયજી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઇજી)ના દ્વિતીય પુત્ર શ્રીગોવિંદરાયજીના પુત્ર હતા. શ્રીહરિરાયજીનો જન્મ સંવત ૧૬૪૭ ના ભાદ્રપદ વદ ૫ ના રોજ થયો હતો. એમના નાના ભાઇનું નામ શ્રીગોપેશ્વરજી હતું. શ્રીહરિરાયજીને શ્રીગોસાંઇજીના ચોથા પુત્ર શ્રીવલ્લભ અથવા શ્રીગોકુળનાથનું બ્રહ્મસંબંધ હતું.

શ્રીહરિરાયજીના જીવનચરિત્ર વિષે અમે શોધ કરી પણ ઘણી હકીકત હાથ લાગતી નથી. પરંતુ એમણે ત્રણસેંથી પાંચસેં સુધી લઘુ ગ્રંથો રચ્યા છે, એ વાત સ્પષ્ટ રીતે જણાઇ આવે છે.

એ લગભગ એકસો પંદર વર્ષ સુધી આ ભૂતળ ઉપર બિરાજ્યા હતા. એટલા લાંબા વખતમાં એમણે અનેક લઘુ ગ્રંથો રચ્યા હોય એ સ્વાભાવિક છે. એ લઘુગ્રંથો ઉપરાંત એમણે વાદના ગ્રંથો રચ્યા હોય એમ જણાય છે.

એમના ગ્રંથો ઉપરથી એમ અનુમાન થાય છે કે એમણે પ્રમાણ કરતાં પ્રમેય ઉપર ઘણો આધાર રાખ્યો છે. દૈન્ય અને શ્રી મહાપ્રભુજીમાં સંપૂર્ણ આસક્તિ એ એમના લઘુ ગ્રંથોનું મુખ્ય લક્ષણ છે.

શ્રી મહાપ્રભુજીના ગ્રંથો ભકિતશાસ્ત્ર અને ભકિત

માર્ગ સ્થાપક હતા. તે પ્રખર પંડિતો અને તત્વજ્ઞાનીઓને માટે રચાયેલા હોવાથી સરળ ટુંકી અને અર્થગ્રાહી ભાષામાં લખાયલા જણાય છે. શ્રીહરિરાયજીના ગ્રંથો વિદ્વાન્ એતન્માર્ગીય વૈષ્ણવોને માટે રચાયલા હોવાથી અને તે આચાર્ય શ્રીના ગ્રંથો ઉપર વિવરણરૂપ હોવાથી સરળ પણ વિસ્તારવાળી વાણીમાં લખાયલા જણાય છે.

શ્રી હરિરાયજીના જે ગ્રંથો **बृहत्स्तोत्र सरित्सागर** ના દ્વિતિય ભાગમાં છપાયા છે, તે નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| १ प्रातःस्मरणम् | २ श्रीगुरुदेवाष्टकम् |
| ३ श्रीनवनीतप्रियाष्टकम् | ४ जन्मवैफल्यनिरूपणाष्टकम् |
| ५ कामाख्यदोषविवरणम् | ६ वल्लभशरणाष्टकम् |
| ७ श्रीनिजाचार्याष्टकम् | ८ श्रीवल्लभपंचाक्षरस्तोत्रं |
| ९ श्रीवल्लभभावाष्टकम् | १० द्वि० श्रीवल्लभभावाष्टकम् |
| ११ श्रीवल्लभचरणविज्ञप्ति | १२ दैन्याष्टकम् |
| १३ विज्ञप्ति | १४ श्रीमहाप्रभोरष्टोत्तरशतनामावलि |
| १५ हाहादैन्याष्टकम् | १६ स्वस्वामिपाणियुगलाष्टकम् |
| १७ श्रीविठ्ठलेश्वराष्टोत्तरशत-नामावलि | १८ भुजंगप्रयाताष्टकम् |
| १९ स्वप्रभुस्वरुपनिरुपणाष्टकं | २० गोपीजनवल्लभाष्टकम् |
| २१ द्वि०गोपीजनवलभाष्टकम् | २२ स्मरणाष्टकम् |
| २३ श्रीकृष्णशरणाष्टकम् | २४ द्वि०श्रीकृष्णशरणाष्टकम् |
| २५ स्वप्रभुविज्ञप्ति | २६ द्वि०स्वप्रभुविज्ञप्ति |
| २७ दैन्याष्टकम् | २८ श्रीपंचाक्षरमंत्रगर्भ० |
| २९ श्रीमद्राधाष्टकम् | ३० श्रीमुख्यशक्तिस्तोत्रम् |
| ३१ श्रीस्वामिनीप्रार्थनाष्टकम् | ३२ श्रीयमुनाविज्ञप्ति |
| ३३ चतुःश्लोकी | ३४ पुष्टिमार्गलक्षणानि |
| ३५ श्रीभागवतपुस्तकानित्य-पूजनविधिः | ३६ श्रीकृष्णचरणविज्ञप्ति |
| ३७ गवांस्वरुपवर्णनम् | ३८ स्वमार्गमूलरुपनिरु० |

३९ श्रीकृष्णशब्दार्थनिरुपणम् ४० गर्वापहाराष्टकम्
४१ मार्गस्वरुपनिर्णयः ४२ स्वमार्गीयकर्तव्यनिरु०
४३ श्रीमत्प्रभोःसर्वांतरत्व० ४४ श्रीपुरुषोत्तमस्वरुपाविर्भाव-निर्णयः
४५ स्वमार्गसेवाफलरुपनि० ४६ पुष्टिमार्गीयस्वरुप नि०
४७ स्वमार्गीयस्वरुपस्थापन प्रकार ४८ श्रीमत्प्रभोश्चिंतन प्र०
४९ मूलरुपसंशयनिराकरणम् ५० स्वमार्गीयमुक्तिद्वैविध्यनिरुपणम्
५१ भक्तिद्वैविध्यनीरु० ५२ स्वमार्गीयसाधनरहस्य०
५३ स्वमार्गरहस्यनिरु० ५४ स्वमार्गीयशरणसमर्पणसेवादि-निरुप०
५५ स्वमार्गीयसंन्यासवैलक्ष-ण्यनिरुपणम् ५६ श्रीमत्प्रभोःप्रादुर्भावप्रकार-निरुपणम्
५७ ब्रह्मसंबंधवाक्यकठिनां-शविवेचनम् ५८ सर्वात्मभावनिरुप०
५९ श्रीमत्स्वमार्गीय भक्ति-द्वैविध्यविवेकः ६० स्वमार्गमर्यादानि०
६१ मधुराष्टकतात्पर्यम् ६२ स्वमार्गशरणद्वयनि०
६३ श्रीमत्प्रभुप्राकटयहेतु० ६४ श्रीमत्प्रभोर्वर्योनि०
६५ अष्टाक्षरशरणमंत्र पूर्व-पक्षनिरास ६६ श्रीनृसिंहवामनजयंत्युत्सवव्रत-वैशिष्टय नि०
६७ भक्तिमार्गेपुष्टिमार्गत्व-निश्चय ६८ भक्तानांदुःसंगविज्ञानप्रकारनि०
६९ थी १०९ सुधी शिक्षापत्राणि (४१) ११० रसात्मकभावस्वरुपनिरुपणम्
१११ जपसमये स्वरुपध्यानम् ११२ भगवच्चरणचिन्हवर्णन०
११३ श्रीवैश्वानराष्टकम् ११४ श्रीषोडशस्तोत्रम्


---

ઉપર લખેલા ગ્રંથો સિવાય કોઇ આચાર્ય, વૈષ્ણવો કે વિદ્વાનો પાસે એમના ગ્રંથો હશે અને તે અમને આપશે કે બતાવશે તો અમે ઘણી ખુશીની સાથે તેનો સ્વીકાર કરીશું અથવા તે ઉતરાવી લઇશું.

શ્રીહરિરાયજીની સાત બેઠકોનું વર્ણન બેઠકનાં પુસ્તકોમાંથી મળી આવે છે.

પહેલી બેઠક શ્રીગોકુલમાં શ્રીવિઠ્ઠલનાથજીના મંદિરમાં છે. આ બેઠકમાં શ્રી હરિરાયજી બિરાજતા અને પોતાના સેવક હરિહરિજીવનદાસની સાથે ધર્મના રહસ્યની વાર્તા કરતા. આ બેઠકમાં એમણે નિરોધ લક્ષણ ઉપર ટીકા લખી અને શ્રીભાગવતની સપ્તાહ કરી.

એમની બીજી બેઠક શ્રીજીદ્વારમાં શ્રીવિઠ્ઠલરાયજીના મંદિરમાં છે. આ બેઠકમાં હરિહરિજીવનદાસે એમને વેણુગીતનો પ્રસંગ પૂછ્યો. આ પ્રસંગ ઉપર એમણે ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ સુધી વ્યાખ્યાન કર્યું. તે પછી આ બેઠકમાં પણ એમણે સપ્તાહ કરી.

ત્રીજી બેઠક ખિમનોરીમાં છે. આ બેઠકમાં શ્રી હરિરાયજી બિરાજતા હતા તે અરસામાં શ્રીનાથજીએ એમને સ્વપ્ન આપ્યું કે આજ શ્રીબાળકૃષ્ણજીના પુત્ર શ્રીવલ્લભજી પેંડાની ગાદી બિછાવવી ભૂલી ગયા છે તેથી હું ઉભો રહ્યો છું. એ સ્વપ્નને લીધે જાગી જતાં તરત ગાડી જોડાવી શ્રીહરિરાયજી શ્રીજીદ્વાર પધાર્યા અને બનાસ નદીમાં સ્નાન કરી મંદિર ખોલાવી ગાદી બિછાવી.

ચોથી બેઠક જેસલમેરમાં શ્રીગિરધારીજીના મંદિરમાં છે. આ બેઠકમાં જેસલમેરનો રાજા શ્રીહરિરાયજીને શરણે થયો.

પાંચમી બેઠક ડાકોરમાં ગોમતીજીના પશ્ચિમ ઘાટ ઉપર છે, * આ બેઠકમાં શ્રી હરિરાયજી બિરાજતા હતા તે વખતે

* શ્રીબાળકૃષ્ણજી તેમજ શ્રીવલ્લભચરિત્રના લખનાર રા૦ રા૦ લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસનું ધારવું એમ છે કે આ બેઠક શ્રી મહાપ્રભુજીની છે. શ્રીબાળકૃષ્ણજીએ તો શ્રીયદુનાથ વિજય નામના ગ્રંથમાંથી કેટલીક પંક્તિઓ ઉતારી તેનું ગુજરાતીમાં ભાષાન્તર કરી મૂળ સંસ્કૃત પંક્તિઓ ભાષાન્તર સાથે છપાવી તે એક તકતામાં જડાવી એ તકતો એ

એક દિવસે શ્રી રણછોડરાયજી ( શ્રીદ્વારકાનાથજી ) એ એમને સ્વપ્ન આપ્યું કે હું એક છાપરી તળે બેઠો છું અને મને એક બ્રાહ્મણ રોજ એક લોટો પાણી રેડી જાય છે, (डारिजातहे) તેથી તમારા હસ્તનો મને સ્પર્શ કરો અને એક સાધારણ મંદિર બનાવરાવી મને તેમાં સ્થાપન કરો. તે વખતે શ્રીહરિરાયજી જાગ્યા. પછી બધા વૈષ્ણવોને બોલાવી પૂછ્યું કે અહીં શ્રીરણછોડજી બિરાજે છે ? અને બિરાજે છે તો કયાં બિરાજે છે ? ત્યારે તેઓએ કહ્યું કે એક છાપરામાં બિરાજે છે. પછી શ્રીહરિરાયજી શ્રીરણછોડજીનાં દર્શન કરવા પધાર્યા. દર્શન કર્યા પછી સઘળા વૈષ્ણવોને બોલાવી એક સાધારણ મંદિર બનાવવાનું કહ્યું, તેથી તેઓએ એક મંદિર બનાવ્યું.+ પછી સારૂ મૂહુર્ત જોઇને શ્રીરણછોડરાયજીને શ્રીહરિરાયજીએ એ મંદિરમાં પધરાવ્યા. અને એક ખેડાવાળ બ્રાહ્મણને સેવામાં નવરાવ્યો, ત્યારે જે બ્રાહ્મણ શ્રી રણછોડરાયજીને નિત્ય સ્નાન કરાવતો હતો તે શ્રીહરિરાયજી પાસે આવી ફરિયાદ કરવા લાગ્યો કે શ્રીરણછોડરાયજીને હું નિત્ય નવરાવતો, અને આપે ખેડાવાળ બ્રાહ્મણને સેવામાં કેમ દાખલ કર્યો ? ત્યારે શ્રીહરિરાયજીએ એને અડધ ભાગ લખાવી આપ્યો અને કહ્યું કેઃ—

**तेरो आधो बांटा करि लिखि दीनोहे सो तूलीयो करि.**

---

બેઠકના દ્વાર આગળ લટકાવરાવ્યો છે. અમે જે હકીકત લખીએ છીએ તે બેઠકના પુસ્તક ઉપરથી લખીએછીએ. ઐતિહાસિક શોધખોળથી એ બેઠક શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની છે કે શ્રીહરિરાયજીની છે એનો નિર્ણય કરવાનો છે.

+ હાલમાં શ્રીલક્ષ્મીજીના મંદિરની ઉત્તર તરફ જે ત્રણ ઓરડીઓ છે તે ઓરડીઓમાં એક નાનું મંદિર શ્રીરણછોડજીનું છે. ડાકોર ટેમ્પલ કમીટીના મેમ્બરોએ આ જુના મંદિરનો જીર્ણોદ્ધાર કરવો જોઇએ અને ઓરડીઓમાં તેને બંધ કરીને રાખ્યું છે તે ખુલ્લુ મુકવું જોઇએ. આ પહેલાં પાટીદારોના ચોરા ઉપર એક છાપરી નીચે શ્રીરણછોડરાયજી બિરાજતા હતા. તે પહેલાં હાલમાં જ્યાં ખેડાવાળની ખડકી છે તેમાં બોડાણાના ઘરમાં બિરાજતા હતા એમ તજવીજ કરતાં જણાય છે.

અને તું સાવધાનીથી સેવા કર. §પછી શ્રીહરિરાયજીએ પોતાની બેઠકમાં જ સપ્તાહ કરી.

છઠ્ઠી બેઠક સાવલીમાં તળાવની પાસે છે. ત્યાં પણ શ્રી હરિરાયજીએ સપ્તાહ કરી.

સાતમી બેઠક જંબુસરમાં છે. આ બેઠકમાં એક પ્રેમજી ભાઇ નામના વૈષ્ણવે યુગલ ગીતનો પ્રસંગ પૂછયો. તે ઉપરથી શ્રીહરિરાયજી એ ત્રણ પ્રહર સુધી એ વિષય ઉપર વ્યાખ્યાન કર્યું. પછી શ્રીહરિરાયજી ત્યાંથી શ્રીજીદ્વાર પધાર્યા.

ઉત્તરાવસ્થામાં શ્રીહરિરાયજી ભગવાનના વિરહથી કલેશ યુકત રહેતા અને કેટલીક વખત ભગવાનનાં પ્રકટ સ્વરૂપનાં દર્શનને માટે રોતા. એક વખત દિગ્‌વિજય કરનાર સુરતના શ્રી પુરૂષોત્તમજી મંહારાજ એમની સાથે હતા. તેમણે શ્રીહરિરાયજીના રોવાથી કંટાળો આવતાં કહ્યું કે એ શામાટે વારંવાર રોયા કરે છે તે સમજાતું નથી. શ્રીપુરૂષોત્તમજી મહારાજ મહાન્ પંડિત હતા. શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના જે જે

---

§ હાલમાં શ્રીરણછોડરાયજીના ત્રણ પ્રકારના સેવકો છે.
૧ તપોદ્દન, ૨ ખેડાવાળ, અને ૩ શ્રીગોડ.

શ્રીહરિરાયજીના વખતમાં જે સેવક સ્નાન કરાવતો હતો તે તપોદ્દન હશે તેથી એને સેવામાં દાખલ ન કરતાં ખેડાવાળ બ્રાહ્મણને સેવામાં દાખલ કર્યો, અને તપોદનની વૃત્તિનો ભંગ ન થાય માટે એને અને ખેડાવાળને બન્નેને જે ઉત્પન્ન થાય તે અડધોઅડધ વેહેંચી લેવાનું ઠરાવ્યું હોય એમ જણાય છે. એ બાબતનો દસ્તાવેજ પણ થયો હોય એમ લાગે છે. પાછળથી ખેડાવાળને રસોઇ કરવાનું ન પાલવ્યાથી ખેડાવાળે પોતાના ભાગમાંથી અડધો ભાગ ( ચારઆની ) શ્રીગોડને આપવાનું કરી શ્રીગોડને સેવકમાં દાખલ કર્યાનું જણાય છે. એ રીતની હકીકતને લીધે હાલમાં સેવકો ત્રણ પ્રકારના હોય એમ જણાય છે. તપોદ્દન અને ખેડાવાળ વચ્ચે ગોઠવણ કરાવનાર શ્રીહરિરાયજી જ હતા. એ વાતની બીજી સાબીતી એ છે કે અત્યાર સુધી શ્રીહરિરાયજીનો જન્મોત્સવ શ્રીરણછોડરાયજીના મંદિરમાં માનવામાં આવે છે.

ગ્રંથો એમના હાથમાં આવ્યા તે ઉપર એમણે ટીકા, વિવરણ, ટીપણી, વગેરે અનેક આકારમાં લેખ લખ્યા છે. તેથી એ હમ્મેશ લખવાના કામમાં જ પોતાનો સઘળો વખત ગાળતા હતા. ઉપર લખ્યા પ્રમાણે શ્રીહરિરાયજી વિષે બોલ્યા પછી તરતજ શ્રીપુરૂષોત્તમજીની કલમ અટકી પડી, અને આખો દિવસ વ્યતિત થયો તો પણ એમને કાંઇ વિચારજ સૂઝે નહિં, તેથી એક પણ પંકિત લખી શકયા નહિ. એમ થવાનું શું કારણ એનો વિચાર કરતાં એમને લાગ્યું કે શ્રીહરિરાયજી શ્રીહરિના સાચા દાસ હોવાથી મેં એમનું અપમાન કર્યું તેથી મારી કલમ અટકી પડી હશે, એમ ધારી એમણે શ્રીહરિરા-યજીની પાસે જઇ ક્ષમા માગી, ત્યારે શ્રીહરિરાયજીએ કહ્યું કે લાલજી જેવું જોયું તેવું તમારા મનમાં આવ્યું છે તેમાં તમારો દોષ નથી. એમ કહી એમણે માફી આપી. પછી એમની કલમ અસ્ખલિત ચાલવા લાગી. શ્રી હરિરાયજી દુઃસંગથી ઘણા બીતા અને એટલા માટે ઘણે ભાગે નિઃસંગ રહેતા. શિક્ષા પત્રમાં પોતે કહે છે કે.

**मूलं ॥ असंगः सर्वथा दूरेऽसत्संग सहितोऽप्यहम् ॥**
**यथाऽरण्ये परित्यक्तःकांदिशीको मृगादनैः ॥ २१ ॥**

અર્થ—હું અસત્ પુરૂષના સંગવાળો છું. તેથી હું તેમ-નાથી અસંગ (સંગ દોષ ન લાગે એ પ્રમાણે દૂર) રહું છું તો પણ હું ખેદ પામું છું. જેમ વનમાં તજી દેવાયલો અને દિઙ્મૂઢ પુરૂષ સિંહાદીકથી ભય પામે તેમ હું અસત્ સંગથી ભય પામું છું.

શ્રી હરિરાયજી પોતાના કેટલાક ગ્રંથોમાં પોતાનું નામ હરિદાસ લખે છે. એજ એમના દીનતાભાવનું લક્ષણ છે.

• શ્રી હરિરાયજીની છબીમાં એમની પાઘડી કાએતસાઇ દે-ખાય છે. તે ઉપરથી અનુમાન થાય છે કે એ કાએતના જેવી પાઘડી બાંધતા હશે.

એકસોપંદર વર્ષનો લાંબો આયુષ્ય ભોગવી અને અનેક ગ્રંથો રચી શ્રીહરિરાયજી સંવત ૧૭૬૨ માં આ ભૂતળનો ત્યાગ કરી શ્રી હરિની લીલામાં પધાર્યાનું જણાય છે.

ઉમરેઠ, શ્રાવણ સુદ પ્રતિપદા બુધવાર, સંવત ૧૯૬૪.

શ્રીવલ્લભાબ્ધ ૪૩૦

# ઉપોદ્ઘાત.

સંગ એટલે સોબત–દુઃસંગ એટલે નઠારી સોબત. દૈવિ સંપત્તિવાળા [ શુદ્ધ અંતઃકરણવાળા ] ને જે સોબત પ્રતિકૂળ કે નુકશાનકર્તા હોય તેને દુઃસંગ કહે છે. જે સોબત અનુકૂળ કે ફાયદાકારક હોય તેને સત્સંગ કહે છે. સોબત રહિત રહેવું એને અસંગ કહે છે. સંગ શોધનાર કે કરનારનો જે હેતુ હોય તે હેતુને અનુસરીને અમુક પ્રાણી કે પદાર્થનો સંગ સત્સંગ છે કે દુઃસંગ છે એનો નિર્ણય થઇ શકે. વિદ્યાર્થીને રખડતાં અને મૂર્ખ છોકરાંની સોબત દુઃસંગ છે. પતિવ્રતાને કુલટા સ્ત્રીની સોબત દુઃસંગ છે. શાહને ચોરની સોબત દુઃસંગ છે.

આ ગ્રંથમાં ભક્તજનને કોની સોબત દુઃસંગ છે એ વાતનું શ્રી હરિરાયજી વિવેચન કરે છે. એ વિવેચન કરતાં પહેલાં ભક્તજન કોને કહેવો એ પ્રશ્ન ઉઠે છે. એ પ્રશ્નનો ખુલાસો કરવાને માટે જીવના પ્રકાર બતાવી તેમના શાસ્ત્રીય વર્ગ પાડે છે, અને દરેક વર્ગના જીવ શું કરે છે તે કહે છે.

ગીતાજીનો આશ્રય લેઇને શ્રી હરિરાયજી કહે છે કે જીવ બે પ્રકારના છે, દૈવી અને આસુરી. દૈવી જીવો ભગવત્પરાયણ હોય છે. આસુરી જીવો ભગવદ્ વિમુખ હોય છે, અને દુનિયામાં ઈશ્વર છે એ વાતનો પણ ઇનકાર કરે છે. દૈવી જીવો અભયવાળા છે. આસુરી જીવો નિરંતર ભયમાં રહે છે. દૈવીજીવો ઇન્દ્રિય નિગ્રહવાળા હોય છે. આસુરી જીવો ઇન્દ્રિયોને તાબે હોય છે. દૈવી જીવો હિંસા રહિત હોય છે. આસુરીજીવો હિંસા કરે છે, દૈવિ જીવો સત્ય બોલનાર હોય છે. આસુરી

જીવો જુઠું બોલે છે. દૈવી જીવો ક્રોધ વગરના હોય છે, આસુરી જીવો ક્રોધવાળા હોય છે. દૈવી જીવો કોઇની નિંદા કરતા નથી, આસુરી જીવો બીજાની નિંદા કરે છે. દૈવી જીવો તેજવાળા, ક્ષમાયુકત, ધીરજવાળા અને પવિત્ર હોય છે. આસુરી જીવો તેજ વગરના, વેર લેવાના સ્વભાવવાળા, ધીરજ વગરના અને અપવિત્ર હોય છે. આસુરી જીવો દંભી ( ધર્મનો ડોળ દેખાડનાર ) હોય છે. દૈવી જીવો દંભી હોતા નથી. આસુરી જીવો અભિમાની હોય છે, દૈવી જીવો અભિમાન રહિત હોય છે. આસુરી જીવો જગતનું કલ્યાણ ઇચ્છતા નથી, દૈવી જીવો જગતનું કલ્યાણ ઇચ્છે છે. આસુરી જીવો નિરંતર ચિંતામાં રહે છે, દૈવી જીવો આનંદમાં રહે છે. આસુરી જીવો વિષયોના ઉપભોગને પરમ પુરૂષાર્થ માને છે, દૈવી જીવો તેમ માનતા નથી. એ પ્રમાણે દૈવી અને આસુરી જીવો વચ્ચે તફાવત છે, તે બતાવી કહેવામાં આવે છે કે દૈવીજીવો મોક્ષના અધિકારી છે અને આસુરી જીવો બંધ ( વારંવાર જન્મ મરણ ) ના અધિકારી છે.

દૈવી જીવો પૈકી જેઓનો ભગવાને ભકિતમાર્ગમાં અંગિકાર કર્યો છે તેજ માત્ર શ્રી પુરૂષોત્તમની પ્રાપ્તિ કરી શકે છે. બીજા કર્મ કે જ્ઞાનમાર્ગે ગમન કરે છે. કર્મમાર્ગે ગમન કરનારની ઉત્તમોત્તમ ગતિ સ્વર્ગને વિષે થાય છે, પણ પૂણ્યનો ક્ષય થતાં તે પાછા જન્મ મરણને તાબે થાય છે; જો તે નિષ્કામપણાથી યજ્ઞાદિક કરે તો તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનમાર્ગવાળાને ભકિત કે પ્રભુમાં સ્નેહ ઉત્પન્ન થતાં તે પુરૂષોત્તમની પ્રાપ્તિ કરી શકે છે, નહિંતો તેનો અક્ષરમાં લય થાય છે. ભકિતમાર્ગે ચાલનારને ભકિત સિદ્ધ થતાં પુરૂષોત્તમની પ્રાપ્તિ થાય છે.

જેને ભગવાનના ભજનમાં પ્રવૃત્તિ થાય અને જેને ભગવાનની ભકિત એજ મુખ્ય અર્થ હોય, જે નિત્ય નિરંતર

ભગવત્પરાયણ કર્મો કરે અને જેને ભગવાન એજ મુખ્ય પ્રયોજન હોય તેનો ભગવાને ભક્તિમાર્ગમાં અંગીકાર કર્યો છે એમ જાણવું.

ભક્તિમાર્ગના પણ બે ભેદ છે, મર્યાદા અને પુષ્ટિ. જેઓ શાસ્ત્ર બાંધેલી મર્યાદા કે વિધિ પ્રમાણે પૂજા કરે તેઓ માર્યાદિક ભકત કહેવાય છે. જેઓ સ્નેહપૂર્વક સેવા કે ભજન કરે તે પૌષ્ટિકભકત કહેવાય છે. મર્યાદા માર્ગમાં વિધિ અને નિષેધનું આધિક્ય માનવામાં આવે છે. પુષ્ટિમાર્ગમાં સ્નેહનું આધિક્ય માનવામાં આવે છે. માર્યાદિક ભક્તિમાં સાધનોની અપેક્ષા છે. પૌષ્ટિકભક્તિ નિઃસાધન ભક્તિ છે. તેમાં માત્ર પ્રભુ પ્રત્યેના સ્નેહની, પ્રેમની જરૂર છે, બીજા કોઇ પદાર્થોની અવશ્ય જરૂર નથી. માર્યાદિક ભક્તિની ઉત્તમોત્તમ ગતિ મોક્ષ છે. પૌષ્ટિકભક્તિની ઉત્તમોત્તમ ગતિ પુરૂષોત્તમની પ્રાપ્તિ છે.

એ પ્રમાણેનું વિવેચન કરી પૌષ્ટિક ભક્તિમાર્ગમાં દાખલ થવાનો પ્રકાર બતાવી શ્લોક સાતમામાં કહેવામાં આવે છે કે કોઈ મહાપુરૂષ દ્વારા એ માર્ગમાં દાખલ થવું, અને તેવા મહાપુરૂષના અભાવે જે પુરૂષો ભગવાનમાં નિષ્ઠા રાખતા હોય તેમની દ્વારા ભગવાનને શરણે જવું, અને તે કર્યા પછી પોતાનું સર્વસ્વ ભગવાનને અર્પણ કરવું. તેમ કરવાથી ભગવાનની સાથેના સંબંધની યોગ્યતા પ્રાપ્ત થાય છે, અને તે યોગ્યતા પ્રાપ્ત થતાં પોતાના સર્વસ્વનો ભગવાનને વિષે વિનિયોગ થવાથી ભગવાન પ્રત્યેના ભાવની પ્રાપ્તિ થાય છે. એ પ્રાપ્તિ થયેથી ભકતજનોએ એ નિધિ સાચવી રાખવાને સાવધાન રહેવાની જરૂર છે. તેમણે બહારના ચોર અને અંદરના ચોર તથા વંચક (પાખંડી) થી દૂર રહેવું. બહારના ચોરમાં જે કુટુંબીજનો ભગવત્પરાયણ ના હોય તેમને ગણવામાં આવે છે. અંદરના ચોરમાં કામ, ક્રોધ, લોભ, મદ વગેરેનો સમાસ થાય છે. વંચકની ગણના બહારના ચોરમાં થઈ શકે છે.

ભક્ત એ સંજ્ઞા જેને ભક્તિ સિદ્ધ થઇ હોય તેને માટે તેમજ જે ભક્તિ પથે ચાલે છે તે બન્નેને લાગુ પડે છે. એટલા માટે એ બન્ને કોટિના પુરૂષોએ ઉપર કહેલા કામ લોભાદિ અંદરના ચોરોથી અને વંચકાદિ બહારના ચોરોથી દૂર રહેવાની જરૂર છે.

સ્નેહપૂર્વક ભગવાનમાં ચિત્ત રાખવાથીજ એટલે સેવાથી ભગવાનની પ્રાપ્તિ થઇ શકે છે, બીજી કોઈ રીતે થઈ શકતી નથી. એટલા માટે જે વિષયો ભગવાનમાંથી ચિત્તને ખસેડી બીજા વિષયમાં જોડે છે એ સઘળા વિષયોથી દૂર રહેવાની જરૂર છે. કામ, લોભ વગેરે મનોવિકારો ચિત્તને ભગવાનમાંથી ખસેડી બીજા વિષયોમાં જોડે છે, માટે તેઓનો અત્યંત ત્યાગ કરવો ઉચિત છે.

સેવા શબ્દનો ખરો અર્થ અમે શ્લોક ૧૩-૧૪ નું વિવેચન કરતાં જણાવ્યો છે, માટે તે ઉપર ફરી અહિં લખવાની જરૂર નથી. કામ લોભાદિ મનોવિકારોને વિવેક, ધૈર્ય વગેરે વડે દૂર કરી ચિત્તને ભગવાનમાં જ સ્થાપન કરવાની જરૂર છે. એમ કરવાથીજ જેને ભક્તિશાસ્ત્રમાં નિરોધ કહે છે તે પ્રાપ્ત થાય છે. ચિત્તનો ભગવાનને વિષે નિરોધ એજ ભગવાનને પ્રાપ્ત કરવાનો ઉત્તમોત્તમ ઉપાય છે, માટે આચાર્ય શ્રી નિરોધ લક્ષણમાં કહે છે કેઃ—

**नातः परतरो मंत्रो नातः परतरः स्तवः ।**
**नातः परतरा विद्या तीर्थं नातः परात् परम् ॥**

અર્થઃ—આવા પ્રકારના નિરોધ કરતાં બીજો કોઇ શ્રેષ્ટ મંત્ર નથી, બીજું કોઈ શ્રેષ્ઠ સ્તોત્ર નથી, બીજી કોઈ શ્રેષ્ઠ વિદ્યા નથી અને બીજુ કોઈ શ્રેષ્ઠ તીર્થ નથી.

શ્રી હરિરાયજી વંચક [દંભી] નું લંબાણથી વર્ણન કરે છે. એવા ચિન્હવાળા વંચકથી દૂર રહેવાની ઘણી જરૂર છે

કેમકે તે ચિત્ત ભગવાનમાંથી ખસી અન્ય વિષયમાં લાગે એવી અનેક યુક્તિઓ કરી ઠગે છે.

આ આખા ગ્રંથનું તાત્પર્ય એ છે કે ભક્તિપથે ચાલનાર વૈષ્ણવે કામ, લોભ, ક્રોધાદિ મનોવિકારથી દૂર રહેવું, તેમજ ઢોંગી માણસોની સોબત રાખવી નહિ. જો સત્પુરૂષોની સોબત ન મળે તો એમણે ભક્તિમાર્ગીય પુસ્તકો અને ગ્રંથોનો સંગ રાખવો, અને ચિત્તને પ્રભુમાં જ જોડી રાખવું.

આ ગ્રંથનું ભાષાન્તર શ્રી પુષ્ટિમાર્ગ પ્રકાશ નામના માસીકમાં સંવત ૧૯૫૧ ના માર્ગશીર્ષના અંકથી છપાયું છે. અમારૂં ભાષાન્તર અને વિવેચન તેથી સ્વતંત્ર છે, અને ઉપોદ્ઘાત અને શ્રી હરિરાયજીનું જીવન ચરિત્ર નવાં જ છે.

# ભકત ઉપયોગી દુઃસંગવિજ્ઞાન.

अथ श्री वल्लभाचार्य कृपयास्फुरितंहृदि ॥
स्वीयानाम भ्रमार्थाय किंचिदत्रनिरुप्यते ॥ १ ॥

અર્થ—શ્રીમદ્ વલ્લભાચાર્યજીની કૃપાથી જે કાંઈ હૃદયમાં પ્રતીત થયું છે તે સ્વાશ્રિત જીવોની ભ્રાન્તિ દૂર થવા માટે આ ગ્રંથમાં નિરૂપણ કરવામાં આવે છે. ૧

વિવેચન-ગ્રંથ કર્તા શ્રી હરિરાયજીના હૃદયમાં જે વિચારો શ્રીમદ્ વલ્લભાચાર્યજીની કૃપાથી સ્ફુરી આવ્યા તે ભક્ત જનોના કલ્યાણને માટે આ ગ્રંથમાં પ્રકટ કર્યા છે.

दैवासुरविभागेन द्वेधाजीवाः प्रकीर्तिताः ॥
बंधमोक्ष व्यवस्थापि गीतायामेवरूपिता ॥ २ ॥

અર્થ—દૈવ અને આસુરના ભેદથી બે પ્રકારના જીવો બતાવેલા છે. બંધ અને મોક્ષની વ્યવસ્થા પણ ગીતામાં કરેલી છે.

વિવેચન-શ્રુતિ અને સ્મૃતિમાં દૈવી અને આસુરી એ બે પ્રકારના જીવો બતાવવામાં આવ્યા છે. જેઓ ભગવત્પરાયણ છે તે દૈવી જીવો છે, અને જેઓ સ્વાર્થપરાયણ છે તે આસુરી જીવો છે. આ જીવોનું વર્ણન ગીતાના ૧૬ મા અધ્યાયમાં સવિસ્તર કરવામાં આવ્યું છે. ત્યાં કેહેવામાં આવ્યું છે કે આસુરી જીવો પ્રવૃત્તિ અને નિવૃત્તિ કોને કહે છે તે જાણતા નથી. તેઓ આ જગત્‌ને અસત્ય, અપ્રતિષ્ઠિત અને અનીશ્વર કહે છે. દૈવી સંપત્તિવાળા જીવો અભય, સત્વસંશુદ્ધિ આદિ ૨૬ લક્ષણોવાળા

---

* કેવા પ્રકારનો સંગ ભકતજને તજવો જોઈએ, એ બતાવવાનો આ લઘુ ગ્રંથનો આશય છે, માટે આ ગ્રંથને ભકતના ઉપયોગમાં આવે એવું દુઃસંગ વિષેનું વિજ્ઞાન એ અર્થવાળું નામ આપવામાં આવ્યું છે.

હોય છે. દૈવી જીવો મોક્ષના અધિકારી છે, અને આસુરી જીવો બંધ ( વારંવાર જન્મ મરણુ ) ને તાબે છે.

ભકત જનને દૈવી જીવોનો સંગ ઇષ્ટ છે અને સાધક અવસ્થામાં આસુરી જીવોનો સંગ તેને અત્યંત હાનીકારક છે.

दैवेष्यपिच जीवेषु यदंगीकरणं पुनः ॥
भक्तिमार्गे त एवात्र प्राप्स्यन्ति पुरुषोत्तमम् ॥ ३ ॥

અર્થ--દૈવી જીવોમાં પણુ જેઓનો ભગવાને ભકિતમાર્ગમાં અંગીકાર કર્યો છે તેજ જીવો આ પ્રપંચમાં શ્રી પુરૂષોત્તમને પ્રાપ્ત કરશે. ૩.

વિવેચન—દૈવી જીવોમાંથી કેટલાકને ભકિતમાર્ગ ઉપર સ્વાભાવિક રૂચિ હોય છે, કેટલાકને કર્મમાર્ગ ઉપર અને કેટલાકને જ્ઞાનમાર્ગ ઉપર સ્વાભાવિક રૂચિ હોય છે. જેઓને ભકિતમાર્ગ ઉપર સ્વાભાવિક પ્રીતિ હોય તેઓનો ભગવાને ભકિતમાર્ગમાં અંગીકાર કર્યો છે એમ સમજવું, અને તેઓજ માત્ર આ જગત્માં અનાયાસે પુરૂષોત્તમની પ્રાપ્તિ કરી શકે છે. જેઓને કર્મમાર્ગ ઉપર પ્રીતિ હોય તેઓ કર્મજનિત ફલો ભોગવી પાછા જગત્માં આવાગમનને પામે છે. જેઓને જ્ઞાન માર્ગ ઉપર પ્રીતિ હોય તેઓ ઘણુા જન્મને અંતે [ बहूनां जन्मनामंते ज्ञानवान्मां प्रपद्यते ।-૭ ગી૦ ૧૯ ] પ્રભુમાં સ્નેહ ઉત્પન્ન થતાં પુરૂષોતમની પ્રાપ્તિ કરી શકે છે. અને પ્રભુને વિષે સ્નેહ ઉત્પન્ન ન થાય તો તેઓનો અક્ષરમાં લય થાય છે,

અન્ય સ્થળે શ્રી હરિરાયજી ભકતનાં લક્ષણુ નીચે પ્રમાણે કહે છે.

अनन्यभजना स्तुष्टाः काम, लोभ विवर्जिताः
निरपेक्षाविरक्ताश्च सर्व भूत हितेरताः

શિક્ષાપત્ર ૧–૨૨

અર્થ--અનન્ય ભકિત કરવાવાળો સંતોષવાળો કામ અને લોભ રહિત, નિરપેક્ષ [ જેને કોઇ વસ્તુની અભિલાષા ન હોય તે ] વિરકત, અને સર્વ પ્રાણીમાત્રના હિતમાં પ્રીતિવાળો ( હોય તેને ભકત જાણવો )

**तत्रापि भेदो विज्ञेयो मर्यादा पुष्टिभेदतः ॥**
**मार्गे फलेऽपि विज्ञेयो भक्तिमोक्षाविभेदतः ॥ ४ ॥**

અર્થ—ભકિત માર્ગમાં પણ મર્યાદા અને પુષ્ટિ એમ બે પ્રકારનો ભેદ છે, અને ફલમાં પણ ભકિત ( ભગવદાવિર્ભાવ ) અને મોક્ષ એ બે પ્રકારનો ભેદ છે એમ જાણવું.

વિવેચન--ભકિત બે પ્રકારની છે, માર્યાદિક અને પૌષ્ટિક. જે ભકિતમાં શાસ્ત્રીય નિયમોનું આધિકય અને સ્નેહનું ગૌણપણું હોય તે માર્યાદિક ભકિત કહેવાય છે. જે ભકિતમાં સ્નેહનું આધિકય અને શાસ્ત્રીય નિયમોનું ગૌણપણુ હોય તે પૌષ્ટિકભકિત કહેવાય છે. મર્યાદામાર્ગીય ભકત મોક્ષને માટે જ ભકિત કરે છે, તેથી તેની ભકિતનું ફલ મોક્ષ થાય છે. પુષ્ટિ માર્ગીય ભકત પ્રભુની પ્રાપ્તિને માટે જ ભકિત કરે છે, તેથી તેનીભકિતનું ફલ ભગવત્પ્રાપ્તિ છે. પુષ્ટિમાર્ગીય જીવને ભકિતથી ઉત્પન્ન થયેલા ભજનાનંદને લીધે બંધની સંભાવના હોતી નથી, તેથી કરીને તેને મોક્ષની ઇચ્છા જ થતી નથી. પૌષ્ટિક ભકિત નિઃસાધાન છે, અને માર્યાદિક ભકિત સસાધન છે. પુષ્ટિ માર્ગમાં સેવાનું ફલ પ્રભુની સેવા અને ભકિતનું ફલ પ્રભુની ભકિત જ છે, અને તે વડે તેને પ્રભુનો આવિર્ભાવ થાય છે.

**भक्तावंगीकृत्यभावे दैवानामपिसर्वथा ॥**
**कामनिष्काम भेदेन स्वर्गमोक्षौ न संशयः ॥ ५ ॥**

અર્થ—ભકિતમાર્ગમાં જે જીવોનો અંગીકાર નથી તે જીવોને પણ સકામ અને નિષ્કામના ભેદવડે સ્વર્ગ અને મોક્ષ ( ની પ્રાપ્તિ ) થાય છે, એમાં કાંઇ સંશય નથી.

વિવેચન—દૈવી જીવનો ભક્તિમાં અંગીકાર ન હોય પણ કર્મમાર્ગમાં અંગિકાર હોય તો તે દૈવી હોવાથી ધર્માચરણ તો કરેજ. જો તે કાંઈ કામનાથી યજ્ઞાદિક કે દાનવ્રત કરે તો તેને સ્વર્ગની પ્રાપ્તિ થાય. જો તે નિષ્કામપણાથી યજ્ઞાદિક વગેરે કરે તો તેને મોક્ષની પ્રાપ્તિ થાય. આ વાત નિશ્ચયપૂર્વક જણાવવામાં આવે છે.

**विज्ञेयं वरणं भक्तौ तदर्थित्वैक कार्यतः ॥**
**तदर्थित्वंचाविज्ञेयं भजनार्थप्रवृत्तितः ॥ ६ ॥**

અર્થ—માત્ર ભગવાનજ જેનો અર્થ છે એ કાર્ય ઉપરથી ભક્તિમાં વરણ થયું છે એમ જાણવું. જેની ભજનમાં પ્રવૃત્તિ થાય તેને ભગવાનજ એક પ્રયોજન છે એમ જાણવું.

વિવેચન—કેટલાએક માણસો [મુકુટ ઘડનાર, સોની વગેરે કારીગરો] ભગવાનને માટેજ કાર્ય કરતા હોય એમ જણાય છે, પણ ઘણી વખત તેઓ પોતાના પેટને અર્થે કાર્ય કરતા માલમ પડે છે, કેમ કે તેમને ભગવાનજ મુખ્ય પ્રયોજન રૂપ હોતા નથી, એટલા માટે કહેવામાં આવે છે કે જેઓને માત્ર ભગવાન અથવા ભગવત્પ્રાપ્તિ એજ મુખ્ય પ્રયોજન છે, અને જેઓ એ પ્રયોજન સિદ્ધ કરવાને તમામ કાર્યો કરે છે તેઓનું ભક્તિમાં વરણ થયું છે એમ જાણવું. કેટલીક વખત કાર્ય ઉપરથી કરેલું અનુમાન ખોટું પડે છે, માટે કહેવામાં આવે છે કે ભજનાનંદમાં પ્રવૃત્તિ થાય ત્યારેજ ભગવાન એજ મુખ્ય અર્થ છે એમ સમજાય.

**तत्रादौ शरणं गच्छेन्महापुरुषयोगतः ॥**
**महापुरुषपारोक्ष्ये तन्निष्ठैरपि सर्वदा ॥ ७ ॥**

અર્થ—ભજનાર્થ પ્રવૃત્તિના વિષયમાં મહાપુરૂષ દ્વારા ભગવાનને શરણે જવું, અને તેવા મહાપુરૂષના અભાવે ભગવાનમાં જે નિષ્ઠા રાખતા હોય તેમના દ્વારા ભગવાનને શરણે જવું.

વિવેચન—આ શ્લોકનો ઉત્તરાર્ધ શ્રી મહાપ્રભુજીએ રચેલા નિબંધના સર્વ નિર્ણય પ્રકરણના નિચેના શ્લોકને મળતો આવતો હોય એમ જણાય છે.

तदभावेस्वयंवापि मूर्तिंकृत्वा हरेः क्वचित् ॥
परिचर्यांसदाकुर्यात्तद्रूपं तत्रचास्थितम् ॥

અર્થ—ઉપર કહેલા ગુરૂને અભાવે પોતે કોઇ ઠેકાણે ભગવન્મૂર્ત્તિ કરીને સદા ભગવત્સેવા કરવી કેમકે તે મૂર્ત્તિમાં ભગવદ્રુપ રહેલું છે.

ઉપર ભગવાનને શરણે જવાનું લખ્યું છે તે શરણના સંબંધમાં શ્રી કૃષ્ણભગવાન ગીતાજીમાં કહે છે કે

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ॥

અર્થ—સર્વ ધર્મનો પરિત્યાગ કરીને મારે શરણે થા.

શ્રી આચાર્યજી મહાપ્રભુજી એ શરણનું વર્ણન વિવેક ધૈર્યાશ્રય ગ્રંથમાં નીચે પ્રમાણે કરે છે.

ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ॥
दुःख हानौ तथा पापे भयेकामार्थ पूरणे ॥ १० ॥
भक्त द्रोहे भक्त्यभावे भक्तैश्चातिक्रमेकृते ॥
अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः ।
अहंकारकृतेचैव पोष्यपोषणरक्षणे ।
पोष्यातिक्रमणेचैव तथान्तेवास्यतिक्रमे ॥ ३२ ॥
अलौकिकमनःसिद्धौ सर्वार्थे शरणं हरिः ।
एवं चित्ते सदा भाव्यं वाचाच परिकीर्त्तयेत् ॥ ३३ ॥

અર્થ—આ લોક અને પરલોક સંબંધી સર્વ કાર્યોમાં સર્વ પ્રકારે ભગવાન મારૂ શરણ થાઓ. તેમજ દુ:ખની નિવૃત્તિ થવામાં તથા પાપમાં, ભયમાં, મનકામનાદિ પૂર્ણ થવામાં, ભક્તના દ્રોહમાં, ભક્તિના અભાવમાં, તેમજ ભક્તોએ પોતાનો તિરસ્કાર કર્યો હોય તેમાં, તેમજ પોતાથી નહિ બની શકે કે બની શકે

એવા કામમાં સર્વ રીતે પ્રભુ મારૂ શરણ થાઓ. અહંકાર કરવામાં આવ્યો હોય તેમાં, પોષણ કરવા યોગ્ય ( સ્ત્રીપુત્રાદિક )ના પોષણ અને રક્ષણમાં, તથા પોષ્યવર્ગે કે શિષ્યોએ પોતાનો અપરાધ કર્યો હોય તેમાં, મન અલૌકિક થાય તેમાં એ સઘળામાં શ્રીહરિ મારૂ શરણ થાઓ, એવી રીતે પોતાના મનમાં નિરંતર વિચાર રાખવો. અને વાણીથી પણ એવુંજ નિરંતર ઉચ્ચારણ કર્યાં કરવું.

तत आश्रयसंसिद्धौ सेवार्थं स्वसमर्पणं ॥
समर्पणे जीवदेह तत्संबंधवतामपि ॥ ८ ॥
ब्रह्मसंबंधतः कृष्णसाक्षात्संबंधयोग्यता ॥
ततस्तत्सेवया स्वीय सर्वस्वविनियोगतः ॥ ९ ॥
गृहीत परमानंदनिधिः कृष्णोऽक्षयः स्वतः ॥
अतस्तु सावधानित्वं विधेयं भगवज्जनैः ॥ १० ॥

અર્થ—એવી રીતે શરણે ગયા પછી આશ્રયની સિદ્ધિને માટે સેવા અર્થે પોતાનું સર્વસ્વ ભગવાનને અર્પણ કરવું. જીવ, દેહ અને તેઓના સંબંધવાળા પદાર્થોનું સમર્પણ થતાં બ્રહ્મ સંબંધથી સાક્ષાત્ શ્રીકૃષ્ણની સાથેના સંબંધની યોગ્યતા પ્રાપ્ત થાય છે. પછી તે સેવા વડે પોતાના સર્વસ્વનો ભગવાનને વિષે વિનિયોગ થવાથી સાક્ષાત્ શ્રીકૃષ્ણ રૂપ અક્ષય પરમાનંદનિધિની પ્રાપ્તિ થાય છે. અને એ નિધિ (ખજાના)ની પ્રાપ્તિ થયેથી (તે સાચવી રાખવા ) ભગવત્ જનોએ સાવધાનતા ધારણ કરવી. ૧૦

વિવેચન--પૂર્વે કહેવામાં આવ્યું કે જીવસૃષ્ટિના બે ભાગ છે, ૧ દૈવી, ૨ આસુરી. તેમાં આસુરી જીવો તો ભગવત્પ્રાપ્તિ કરવાને માટે અયોગ્ય જ છે. દૈવી જીવો કેટલાક કર્મમાર્ગે કેટલાક જ્ઞાનમાર્ગે અને કેટલાક ભક્તિમાર્ગે ચાલે છે. કર્મ માર્ગે ચાલનારાઓમાંથી જેઓ સકામ કર્મ કરે છે તેઓને માત્ર સ્વર્ગની પ્રાપ્તિ થાય છે, જેઓ નિષ્કામ કર્મ કરે છે તેઓને મોક્ષની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનમાર્ગે ચાલનારામાંથી જેઓ ભગ-

વાન પ્રત્યેની ભક્તિ રહિત હોય છે તેઓને અક્ષરની પ્રાપ્તિ થાય છે, પણ જેઓ ભક્તિમાન છે તેઓને પુરૂષોત્તમ શ્રી કૃષ્ણની પ્રાપ્તિ થાય છે.

ભક્તિમાર્ગે ચાલનારામાં જેનું ભગવાને અંગીકરણ કર્યું હોય તેજ શ્રી પુરૂષોત્તમની પ્રાપ્તિ કરી શકે છે. ભગવાને તેમનો ભક્તિમાર્ગમાં અંગીકાર કર્યો છે કે નહિ એ જાણવાને માટે માત્ર એટલુંજ જોવું જોઇએ કે તેને ભજનમાં પ્રીતિ છે કે નહિ, અને તેનું મુખ્ય કાર્ય ભગવાનની પ્રસન્નતા સંપાદન કરવી એ છે કે નહિ? જો એ બે વાનાં હોય તો ભગવાને ભક્તિમાર્ગમાં અંગીકાર કર્યો છે એમ જાણવું.

હવે જેનો ભગવાને ભક્તિમાર્ગમાં અંગીકાર કર્યો છે તેણે ભગવાનની પ્રાપ્તિને માટે શું કરવું તે કહે છે. તેણે સર્વ સમર્પણ પૂર્વક ભગવાનની સેવા કરવી. સમર્પણ કરવાથી પોતાનો અને પોતાની સાથે જોડાયલાં પ્રાણી અને પદાર્થોનો ભગવાનની સાથે સંબંધ થાય છે, અને તેમ થવાથી જીવ અને તેની સાથે જોડાયલાં પ્રાણી પદાર્થો વિગેરે બ્રહ્મરૂપ થાય છે ( જુઓ **सर्वेषां ब्रह्मताततः** સિદ્ધાંત રહસ્ય શ્લોક ૭ ), અને તેથી શ્રી કૃષ્ણની સેવા કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. શ્રી કૃષ્ણની સેવા કરવાથી પરમ નિધિરૂપ શ્રીકૃષ્ણની પ્રાપ્ત થાય છે. એ નિધિ પ્રાપ્ત થતાં તેનેજ આશ્રયે રહેવું એજ કર્ત્તવ્ય છે. એ નિધિ પોતાની પાસેથી જતો ન રહે એને માટે જે સાવધાનપણું રાખવાની જરૂર છે તે નીચેના શ્લોકમાં કહેવામાં આવે છે.

**संप्राप्तनिधिभिश्चौरवंचकेभ्यो विशेषतः ॥**
**चौरास्तु द्विविधाज्ञेया बाह्याभ्यंतरभेदतः ॥ ११ ॥**

અર્થ—જેણે ( કૃષ્ણ રૂપી સેવ્ય ) નિધિ પ્રાપ્ત કર્યો છે તેણે ચોર અને વિશેષે કરીને વંચકથી ( સાવધાન રહેવું ). બહારના અને અંદરના એ ભેદ વડે ચોર બે પ્રકારના જાણવા.

**बाह्याः कुटुंबरूपाये तेतुवित्तहराः स्मृताः ॥**
**यतस्तद्विनियोगेन वित्तं यातिसमर्पितं ॥ १२ ॥**

અર્થ—જે બહારના ( બાહ્ય ) ચોરો છે તે તો કુટુંબ રૂપ છે. તેઓ વિત્તને હરવાવાળા કહેવાય છે. તેમના વિનિયોગથી સમર્પિત કરેલું ધન ચાલ્યું જાય છે.

વિવેચન--બાહ્ય ચોરો એટલે પોતાના દેહની બહાર રહેનાર ચોરો. કામ લોભાદિ એ અંદરના ચોર છે, અને કુટુંબાદિ એ બહારના ચોર છે.

જે કુટુંબીઓ ભગવત્પરાયણ ન છતાં તેમનામાં ભકતજનની મમતા રહે તે કુટુંબીઓને ચોર ગણવામાં આવે છે, કેમકે એ ભગવત્સબંધરહિત કુટુંબીઓને માટે ભગવાનને અર્પણ કરેલું દ્રવ્ય ખરચાઈ જાય છે. જે કુટુંબીજન ભગવત્પરાયણ હોય અને જેઓ ભગવાનની સેવામાં ઉપયોગી હોય તેઓને ચોર ગણવામાં આવતા નથી, પણ જેઓ ભગવાનથી વિમુખ હોય તેમને ચોર ગણવામાં આવે છે, તેથીજ શિક્ષાપત્રમાં કહ્યું છે કે **अतः सदैव भेत्तव्यं लौकिकासक्तितो जनैः** એટલા માટે લૌકિકમાં આસકિત રાખનારથી ભકતજનોએ ડરતા રહેવું. ૭૪

**आंतराःकामलोभाद्याश्चित्तमात्राहरास्तुते ॥**
**यतो बहिर्मुखं चित्तं सेवायां प्रविशेन्नहि ॥ १३ ॥**
**चित्तवित्तैकसाध्या हि सेवाचापिन सिध्यति ॥**
**तदभावेऽखिलं व्यर्थं पुरुषार्थं परिक्षयात् ॥ १४ ॥**

અર્થ—અંદરના ચોર કામ લોભાદિ છે તે [ ધનને હરતા નથી પણ ] કેવળ ચિત્તને હરે છે. તે કારણથી ચિત્ત બહિર્મુખ થઇને સેવામાં પ્રવેશ કરતું નથી. ૧૩

ચિત્તરૂપી દ્રવ્યથીજ સેવા સિદ્ધ થઈ શકે છે. ( જે પુરૂષ પાસે ચિત્તરૂપી દ્રવ્ય નથી તેનાથી ) તે દ્રવ્યને અભાવે સેવા સિદ્ધ

થઇ શકતી નથી, અને સેવાને અભાવે ( પુરૂષાર્થ ક્ષય થવાથી ઐહિક પારલૌકિક ) સર્વ વ્યર્થ છે, કારણ સેવા એજ મુખ્ય પુરૂષાર્થ છે.

વિવેચન—ઉપર લખેલો સેવા એ શબ્દ ઘણો સમજવાલાયક છે. સિદ્ધાંત મુકતાવલીમાં કહ્યું છે કે **चेतस्तत्प्रवणंसेवा,** ભગવાનમાં ચિત્ત પરોવાયલું રહે તેનેજ સેવા કહે છે. એ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે શ્રી ઠાકોરજીને સિંહાસન ઉપર પધરાવવા, કે એમને અમુક વસ્ત્ર કે આભૂષણ ધરાવવાં, કે અમુક ભોગ ધરાવવા, એજ સેવા છે, એમ સમજવું નહિ, પણ એની સાથે ભગવાનમાં ચિત્તને પરોવાયેલું રાખવું એનેજ સેવા કહે છે. ભગવાનમાં ચિત્ત પરોવાયેલું રાખ્યા સિવાય સેવા સંબંધી જે જે કાર્યો કરવામાં આવે તેથી સેવા સિદ્ધ થતી નથી, પણ માત્ર ભગવાનમાં ચિત્ત રાખવાથી સેવા સિદ્ધ થાય છે. શ્રી ઠાકોરજીને સ્નાન કરાવવું, તેમને આભૂષણ ધરાવવાં, તેમને ભોગ ધરાવવા, વગેરે ક્રિયાઓ ભગવાનમાંજ ચિત્ત ગુંથાયલું રહે એને માટે સાધનરૂપ છે. તે સાધનોના ફલરૂપ તો ભગવાનમાં ચિત્ત રાખવું એજ છે.

અન્ય સ્થળે શ્રી હરિરાયજી કહે છે કેઃ—

**भक्तिमार्गीयताऽभावे क्रियामात्रंहि कर्मवत् ॥**
**तत्राऽपि नमनःस्थैर्यंविक्षेपाद्व्यवहारतः ॥**

શિ. ૨૧–૨–પૃષ્ટ ૩૯૮

અર્થ—ભક્તિ માર્ગીયપણાનો અભાવ હોય તો સર્વ ક્રિયા કર્મ સમાન છે. અને તેમાં વ્યવહારથી ઉત્પન્ન થતા વિક્ષેપને લીધે મનની સ્થિરતા હોતી નથી.

સેવામાં ચિત્ત રાખવાથીજ ભગવત્‌ભાવ પ્રાપ્ત થઇ શકે છે, અન્ય રીતે થઇ શકતો નથી, માટેજ સેવાને મુખ્ય પુરૂષાર્થ રૂપ કહેલી છે.

યોગશાસ્ત્રમાં જેને ચિત્તવૃત્તિ નિરોધ કહે છે તેવાજ પ્રકારનો સેવારૂપ નિરોધ છે, પણ તેમાં મનનો વિષય ભગવાન હોવાથી અને તેમના પ્રત્યે પ્રેમ હોવાથી તે (સેવારૂપ નિરોધ) યોગશાસ્ત્રના નિરોધ કરતાં વધારે ઉત્તમ પ્રકારનો છે. માટે પ્રભુમાંજ ચિત્તને પરોવવું એજ મુખ્ય કર્તવ્ય છે.

ભગવત્પ્રાપ્તિને માટે જ્યારે ચિત્તને ભગવાનમાંજ પરોવાયલું રાખવાની જરૂર છે, ત્યારે જે વિષયો ચિત્તને ભગવાનથી વિમુખ કરે છે, તે વિષયો તજવાની અવશ્ય જરૂર છે. એ વિષયોમાં મુખ્ય કામ લોભાદિ અંતઃકરણમાં રહેલા વિકારો છે. એ વિકારો મનુષ્યના અંતઃકરણમાં રહે છે તેથી તેમને અંદરના ચોર કહેવામાં આવ્યા છે. તેઓને ચિત્તની સોબત થતાં અથવા ચિત્ત તેઓમાં ચોટતાં તે ભગવાનમાં પ્રવેશ કરી શકતું નથી, અર્થાત્ સેવા થઇ શકતી નથી. સર્વ પુરૂષાર્થોમાં પ્રભુની પ્રાપ્તિને માટે સેવારૂપ પુરૂષાર્થ મુખ્ય છે. જો ચિત્ત પ્રભુમાં પ્રવેશ કરી શકે નહિ, તો તે પુરૂષાર્થ સાધી શકાય નહિ, અને તેમ થવાથી ભક્તજનના ઇતર ગૌણ પુરૂષાર્થો પણ વ્યર્થ જાય છે. એટલા માટે કામ લોભાદિ ચોર જે ચિત્તને હરી લેછે તેઓથી ભક્તજને સાવધાન રહેવું જોઇએ.

વૃત્તિ ભેદથી અંતઃકરણ ચાર પ્રકારનું છે, મન, બુદ્ધિ, ચિત્ત, અને અહંકાર, તેમાં ચિત્ત શાન્ત, સ્વચ્છ, અને અવિકારી છે.

स्वच्छत्वमविकारित्वंशांतत्वमितिचेतसः ।
वृत्तिभिर्लक्षणं प्रोक्तंयथाऽपां प्रकृतिः परा ॥ ભાગવત.

ભાવાર્થ—જેમ વરસાદનું જળ પ્રથમ સ્વચ્છ હોય છે, પણ જ્યારે ભૂમિનો સંબંધ થાય છે ત્યારે તેમાં મલિનતાદિ દોષો પ્રાપ્ત થાય છે, તેમજ મન, બુદ્ધિ, અને અહંકારના સંબંધ વિનાનુ ચિત્ત સ્વચ્છ, અવિકારી અને શાન્ત હોય છે, પણ તેને મન, બુદ્ધિ, અને અહંકારની વૃત્તિઓનો સમાગમ થતાં તે મલીન થાય છે.

જેમ જળ પ્રથમ સ્વચ્છ હોય છે, પણ જ્યારે ભૂમિનો સંબંધ થાય છે ત્યારે તેમાં મલિનતાદિ દોષો પ્રવેશ કરે છે તેમજ ચિત્તને મન, બુદ્ધિ, અને અહંકારનો સંબંધ થયો ન હોય ત્યાં સુધી તે અવિકારી અને શાન્ત હોય છે; ચિત્તને મનનો સંબંધ થતાં સંકલ્પ વિકલ્પને લીધે તેમાં કામાદિની ઉત્પત્તિ થાય છે, બુદ્ધિનો સંસર્ગ થવાથી, સંશય, વિપર્યાસ વગેરે ઉત્પન્ન થાય છે, અને અહંકારનો સંસર્ગ થતાં ઘોરત્વ, મૂઢત્વ વગેરે પ્રાપ્ત થાય છે. મન, બુદ્ધિ અને અહંકારનાં લક્ષણ ચિત્તની સાથે એક થઇ જવાથી ચિત્ત પણ મલીન દેખાય છે.

चित्तावित्तैक साध्याहि એ સ્થળે ચિત્તપદનુ ગ્રહણ કરેલુ છે તે એવા અભિપ્રાયથી કે શાન્ત, સ્વચ્છ, અને અવિકારી ચિત્તથી જ સેવા સિદ્ધ થઇ શકે છે. જ્યારે મનના કામાદિ ધર્મો બળવાન થાય છે ત્યારે ચિત્તના ધર્મો તિરોહિત થઇ જાય છે, તે કારણથી સેવા થઇ શકતી નથી. એટલા માટેજ અન્ય સ્થળે શ્રી હરિરાયજી કહે છે કે:--

तद्बाधकानींद्रियाणिविषया लौकिकीमतिः ॥
प्रतिबंधःस्तथोद्वेगो ॥ भोगोऽप्यत्रैव लौकिकः ॥ २२९

અર્થ--ઇન્દ્રિય, વિષય, લૌકિક બુદ્ધિ, પ્રતિબંધ, તથા ઉદ્વેગ તથા લૌકિક ભોગ એ સર્વ માનસી સેવાના બાધક છે. ( ૨૨૯ )

अतोविवेकधैर्यादि शस्त्रयुक्तैस्तथापुनः ।
अंतरास्ते निराकार्या ब्राह्यास्तेतुयथाक्रमम् ॥ ९५
सेवाकारण तद्रोध परित्यागादिसाधनः ॥
वंचकस्तुततोऽप्येष दुष्टइत्येवबुध्यताम् ॥ ९६

અર્થ--એટલા માટે વિવેક ધૈર્યાદિ શસ્ત્રયુકત ભગવદ્‌ભકતોએ વારંવાર એ અંદરના અને બહારના ચોરોને યથાક્રમે દૂર કરવા. સેવાનું કારણ ચિત્ત છે, તેનો વિવેકથી રોધ કરી અંદરના

ચોર દૂર કરવા અને ધૈર્યથી કુટુંબ ઉપરની મમતાના ત્યાગ વગેરે સાધનોથી બહારના ચોરને દૂર કરવા; એ બંને ચોરો કરતાં વંચક વધારે દુષ્ટ છે એમ જાણવું.

અંદરના ચોર કામાદિ છે. બહારના ચોરો કુટુંબીજનો છે. પ્રથમ કામાદિ ચોરોને વિવેક અને ધૈર્યાદિ સાધનો વડે દૂર કરવાનુ કહેવામાં આવે છે.

ભગવાન સર્વ વસ્તુ પોતાની મેળે કરશે, તેથી એમને અમુક વસ્તુની પ્રાપ્તિને માટે કે અમુક વસ્તુ દૂર કરવાને માટે પ્રાર્થના કરવાની જરૂર નથી. ભગવાન સર્વ વસ્તુ કરવાને સમર્થ છે. પ્રભુને આધીન થવાની ભાવનાથી અભિમાનનો ત્યાગ કરવો, અને આપદ્ અને ગતિ આદિ કાર્યોમાં સર્વથી હઠનો ત્યાગ કરવો, એ વિગેરે વિવેકનાં લક્ષણ છે.

આધિવ્યાધિ અને ઉપાધિ એ ત્રણે પ્રકારનાં દુખો મરતા સુધી સર્વ પ્રકારે સહન કરવાં. કુટુંબીજનો, સ્ત્રી પુત્ર, વગેરે તરફથી અતિક્રમ ( અપમાન ) વગેરે કરવામાં આવે તે સહન કરવું, ઇન્દ્રિયોને પોત પોતાના વિષય તરફ ખેંચાતી અટકાવવા કાયાથી, વાણીથી અને મનથી સર્વ પ્રકારે યત્ન કરવો. એ સર્વ ધૈર્યનાં લક્ષણો છે.

વિવેક અને ધૈર્યના સાધનવાળા ભકતજનોએ તે સાધનો વડે પ્રથમ અંદરના ચોર કામ, લોભ વગેરેને દૂર કરવા, અને પછી બહારના ચોરોને પણ દૂર કરવા. કુટુંબાદિ ચોરને દૂર કરવામાં પરિત્યાગાદિ સાધનો પણ વાપરવાને બાધ નથી. એમ કરવાથીજ ચિત્તનો નિરોધ થઇ સેવા સિદ્ધ થઇ શકે છે.

એ રીતે અંદરના અને બહારના ચોરનું અને તેમને દૂર કરવાનાં સાધનોનું વર્ણન કરી, વંચક ( ધર્મનો ઢોંગ કરનારા ધર્મ ઠગ, પાખંડી ), જેની ગણના બહારના ચોરમાં થાય છે, તેનું અને તેને દૂર કરવાના સાધનોનું શ્લોક ૧૬ માના ઉત્તરા-

ધથી શ્લોક ૩૮ સુધીમાં વર્ણન કરવામાં આવે છે. કામાદિ અંદરના ચોર અને કુટુંબાદિ બહારના ચોર કરતાં વંચકને વધારે દુષ્ટ જણાવવામાં આવે છે તેનાં કારણો હવે પછી જણાવવામાં આવશે.

यतस्तदाकृतिश्चेष्टा तथाचारश्चभाषणम् ॥
विनयः शांततावेशः शंखचक्रादिचिह्नितः ॥१७॥
एवमाद्यखिलंतुल्यं भगवद्धर्मवर्तिभिः
ततोज्ञानाभावतोऽपि सर्वथानाशनंमतम् ॥१८॥

અર્થ—( વંચક અંદરના અને બહારના ચોર કરતાં વધારે દુષ્ટ છે ) કેમકે તેનાં આકૃતિ, ચેષ્ટા, આચાર, ભાષણ, વિનય, શાંતતાનો આવેશ ( દેખાવ ) અને શંખ ચક્રાદિ ચિન્હોનું ધારણ કરવાપણુ ભગવદ્ધર્મ પ્રમાણે ચાલનારના જેવાંજ હોય છે. તે કારણથી એવા વંચક વિષેની માહિતી ન હોય તો સર્વ પ્રકારે નાશ થાય છે.

વિવેચન—દેહની અંદર રહેનારા ચોર કામ લોભાદિ અને દેહની બહારના ચોર કુટુંબાદિને દૂર કરવાનો બોધ આપ્યા પછી વંચક, ઠગ, પાખંડીનો સંગ ન કરવાનો બોધ આપવામાં આવે છે. જેટલે દૂરજજે કામ લોભાદિ અને કુટુંબાદિનો સંગ દુઃસંગ છે અને તે દૂર કરવાને યોગ્ય છે તે કરતાં ધર્મ ઠગનો સંગ વધારે દુઃસંગ અને દૂર કરવા યોગ્ય ગણેલો છે. કામાદિ ચોરની તો પરીક્ષા થઇ શકે છે પણ વંચકની તો પરીક્ષા પણ થઇ શકતી નથી, કેમકે તેના અંગોની ચેષ્ટા ( બહુ વિનયથી જય શ્રી કૃષ્ણ કરવા, પગે લાગવુ, ભગવન્નામ સાંભળી ઘણો આનંદ પ્રદર્શિત કરવો વગેરે ), જ્યાં જેવો આચાર પ્રવર્તતો હોય ત્યાં તેથી અધિક પાળવો, ભાષણ, વિનય ( નમ્રતા ), શાન્તતાનો દેખાવ, અને માલા તિલક, છાપાં વગેરે ચિન્હો ધારણ કરવાં એ સઘળું એ સાચા ભક્તના જેવુંજ રાખે છે. તે બોલે છે કે:-

**मैं कोन हूं, अत्यंत तुच्छ जीव हूं, दोषको भर्यो हूं, मेरेमें कछु धर्म नाहिं हैं, मैं कछु जानू नाहिं हूं, केवल बडेनके अनुग्रह सूं जो दो अक्षर मेरे मुखमें आयें हैं सो यथा मतिमें बोलू हूं.**

( શ્રી પુષ્ટિમાર્ગ પ્રકાશ. )

માત્ર ખામી એટલીજ હોય છે કે તેનું ચિત્ત ભગવાનમાં હોતું નથી પણ કામ, લોભ અને સ્વાર્થમાં હોય છે. આવા વેષ ધારણ કરવાથી એને બીજા વૈષ્ણવો મોટો વૈષ્ણવ ધારી એનો વિશ્વાસ કરી ભગવદર્પિત ધન સોંપે, અથવા ભક્ત તરીકે એને સારૂ સારૂ ખાવાપીવાનું મળે, અને અનેક પ્રકારના બીજા ભોગ પ્રાપ્ત થાય, એ પ્રકારની એની ઇચ્છા હોય છે. જે પોતે ભગવાનમાં ચિત્ત રાખવાવાળો નથી તે બીજાને બહિર્મુખ કરે છે, અને એ કારણથી એ ભક્તજનોનો નાશ કરવાંવાળો નીવડે છે.

**दुर्घटंतस्यविज्ञानं सर्वथाभक्तसाम्यतः ॥**
**अतएवनकर्तव्यो विश्वासोह्यविचारितः ॥१९॥**

અર્થ—ભક્તના સરખા વેશવાળા વંચકના સ્વરૂપનુ જ્ઞાન સર્વથા અશક્ય છે, માટે વિચાર કર્યા વિના કોઇનો વિશ્વાસ કરવો નહિ. ૧૯

વિવેચન–ભક્તના સરખો વેશ ધારણ કરનારનું ખરૂ સ્વરૂપ જાણવું અશકય છે. ઘણા કાળ સુધી બારીકીથી એની કૃતિઓનો વિચાર કરવામાં આવે તોજ એનું ખરૂં સ્વરૂપ જાણવામાં આવે. પણ ખરૂ જ્ઞાન સંપાદન કરતા પહેલાં ઘણી વખત ગાફેલ મનુષ્ય તેની સોબતને લીધે ભક્તિ માર્ગથી ખસી ભગવાનથી વિમુખ થઈ જાય છે. માટે લાંબો વિચાર કર્યા વગર એવા ધર્મ ઠગોનો વિશ્વાસ કરવો યોગ્ય નથી.

શાસ્ત્રો સત્સંગના મહિમાની ઘણી પ્રશંસા કરે છે, પણ આ કલિયુગમાં સંગ કરવા લાયક સાચા ભકતો કવચીત્ મળી

આવે છે. એટલા માટે ઉત્તમ માર્ગ એ છે કે ભક્તિવર્ધક ગ્રંથોનો, અને ભગવાનની મૂર્તિ મનમાં ધારણ કરી ભગવાનનોજ સંગ રાખવો.

**तदीयत्वभ्रमात्तस्मिन् विश्वासोसंगदोषतः ॥**
**असत्यापिचसद्भावात्पतनं भक्तिमार्गतः ॥ २० ॥**

અર્થ—ભગવદ્‌ભક્ત છે એમ ધારી ભ્રમથી તેનો વિશ્વાસ કરવાથી સંગ દોષને લીધે અસત્‌ને વિષે સદ્‌ભાવ થવાથી ભક્તિ માર્ગમાંથી વિમુખ થવાય છે. ૨૦

વિવેચન—ઠગ માણસના બોલવાથી અને આકૃતિથી જો ઠગાઇ જઇ કોઇ તેનો વિશ્વાસ કરી તેનો સંગ કરે તો તે ખરો ભક્ત ન હોવાથી એ સંગથી કાંઇ લાભ થતો નથી, પણ ધીમે ધીમે સંગ કરનાર મનુષ્ય એ ઠગના જેવોજ થાય છે. અને ભક્તિ માર્ગથી ખસી જાય છે. મનુષ્ય અને મનુષ્યની વચ્ચેના વ્યવહારમાં, દંભ, ઠગાઈ વગેરેને લીધે સારૂ પરિણામ આવતું નથી તો જીવ અને ઇશ્વરની વચ્ચેના સંબંધમાં કામ, ક્રોધ, લોભ, દંભ વગેરેનું પરિણામ સારૂ ન આવે એ દેખીતુંજ છે.

એ પ્રમાણે દંભી અને ઠગ ભક્તનો સંગ ન કરવાનો બોધ આપી હવે શ્રી હરિરાયજી આચાર્યની પદવી ધારણ કરનાર પુરૂષોનો કેવી રીતે અને કેટલે દરજ્જે વિશ્વાસ કરવો તે કહે છે.

**अतएवोक्तमाचार्यैर्गुरोरपिचवीक्षणं ॥**
**कृष्णसेवापरंवीक्ष्येत्यादिपद्ये निबंधगे ॥२१॥**

અર્થ—એટલા માટે શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ **कृष्ण सेवा परं वीक्ष्य** ઇત્યાદિ પદવડે નિબંધમાં જે કહેલું છે તે ગુરૂને વિષે પણ જોવું યોગ્ય છે.

વિવેચન—નિબંધમાં આચાર્ય શ્રીએ કહ્યુ છે કે.

कृष्णसेवापरं वीक्ष्य दंभादिरहितंनरम् ॥
श्रीभागवततत्त्वज्ञं भजेज्जिज्ञासु रादरात् ॥

અર્થ—શ્રીકૃષ્ણની સેવામાં તત્પર, દંભાદિ દોષરહિત, શ્રીમદ્ ભાગવતના તત્ત્વને જાણનારા ગુરૂને જીજ્ઞાસુ પુરૂષોએ આદરથી ભજવા એટલે એ ગુરૂ કહે તે પ્રમાણે શ્રી હરિની સેવા કરવી.

( નિબંધ સર્વ નિર્ણય ૨૨૭. )

જે ભાગવતના તત્ત્વને જાણેછે, અને જે શ્રીકૃષ્ણની સેવામાં તત્પર છે તે ગુરૂનેજ શરણે થવું.

મૂળમાં ભાગવતના તત્ત્વને જાણનાર લખવામાં આવ્યું છે. ઉપર ઉપરથી વાંચનારના જાણવામાં આવે છે કે ભાગવતમાં ઐતિહાસિક વૃતાંતો અને અદ્ભુત વાર્તાઓનું વર્ણન આવે છે. એજ શ્રીમદ્ભાગવતનુ તત્ત્વ નથી, પણ શ્રીમદ્ભાગવત તો ભક્તિ શાસ્ત્ર છે, તેને ભકિતશાસ્ત્ર તરીકે વાંચી કે સમજી શકે તેજ ભાગવતના તત્ત્વને જાણે છે એમ કહેવાય. માત્ર વાર્તાના પુસ્ત તરીકે જે ભાગવતને જાણે તે ભાગવતના તત્ત્વને જાણતો નથી એમ કહ્યા વગર ચાલે નહિ.

ભાગવતમાં સમાયલી કથાઓ ભક્તિ શાસ્ત્રનાં ગુઢ તત્ત્વોનું વર્ણન કરે છે.

સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઉતિ, સદ્ધર્મ, ભકિત, નિરોધ અને મુકિત એ નવ લીલા યુકત પુરૂષોત્તમનું સ્વરૂપ જાણવું એ ભાગવતના ૩ જાથી ૧૧ મા સ્કંધ સુધીનું તાત્પર્ય છે. એ જાણવાની ઇચ્છા રાખનાર કેવી યોગ્યતા વાળો જોઇએ એ પહેલા સ્કંધમાં કહેવામાં આવ્યું છે, અને બીજા સ્કંધમાં તેવો અધિકાર પ્રાપ્ત કરવાના સાધનનું વર્ણન કરવામાં આવ્યું છે. બારમા સ્કંધમાં આશ્રયનો બોધ કરવામાં આવ્યો છે.

પૃથુરાજાએ બાણની અણીવડે પૃથ્વીને સપાટ અને ફળદ્રુપ, કરી એ કથા ભગવત્પરાયણ રાજા રાજ્યની કેવી રીતે સુવ્યવસ્થા રાખી શકે છે તે બતાવે છે.

અવિદ્યાનું બળ વધતાં તે પૂતનાનું રૂપ ધારણ કરે છે, અને જ્યારે તે ભકિતપથે ચડનાર બાળક જીવનો નાશ કરવા પ્રવૃત્ત થાય છે ત્યારે ભગવાન ભકિતપથે ચડનારનું રક્ષણ કરવા તે પૂતનાના પ્રાણને હરે છે, અને બાળક જીવના પથમાં માત્ર તેનો ગંધ રહે છે. તે ગંધ, ભગવત્પ્રતિ ગતિ કરનાર જીવ ભગવત્કૃપાથી, ભગવદ્‌બળથી, દૂર કરી શકે છે, એ પૂતનાની કથાનું રહસ્ય છે.

ભગવાનને પોતાના સ્વામી કરવાની આશા રાખનાર જીવે લૌકિક પદાર્થો અને દેહાધ્યાસમાંથી પ્રીતિ ખેંચી લેઇ પ્રભુમાંજ પ્રીતિ જોડવી, એ વસ્ત્ર હરણ લીલાનું તાત્પર્ય છે.

જ્યારે ભગવાન સ્વતઃઅવતારી પુરૂષ માફક દેહ ધારણ કરી લીલા કરતા હોય છે, ત્યારે એમની સાથે ગમે તે પ્રકારે સંબંધ થવાથી એમના સંબંધમાં આવનારનાં પાપનો નાશ થાય છે. અવતાર દશામાં સંબંધની પૂર્વે ભકિત કે જ્ઞાનની જરૂર નથી. એ જરૂર દૃઢ સંબંધજ પુરી પાડે છે. એ સત્ય જે અસૂરોને ભગવાને હણ્યા અને તેઓની સદ્‌ગતિ થઇ ગઈ એ વાત સિદ્ધ કરે છે. દેહાધ્યાસ એજ ધેનુક છે. કાલીય નાગ અને એનું વિષ એ ઇન્દ્રિયો અને એના વિષયો છે. સેવા અવતારની કરવાની નથી, પણ શ્રી પુરૂષોત્તમની કરવાની છે.

એ પ્રમાણે શ્રીમદ્‌ભાગવતમાં સમાયલી દરેક કથાનું ખરૂ રહસ્ય છે. એ તત્ત્વ જે ગુરૂ જાણે છે તેજ ગુરૂ ભકિત શાસ્ત્રનું જ્ઞાન આપી શકે છે.

**नन्वेतस्य परिज्ञानं कथंभवतिसर्वथा ॥**
**ज्ञानेसति परित्यागः कर्तव्योऽस्यसतांभवेत् ॥ २२ ॥**

અર્થ—કોઇ શંકા કરે કે એનુ ( વંચકનુ ) સર્વ પ્રકારે જ્ઞાન કેમ થાય ! જ્ઞાન થાય તોજ સત્પુરૂષોથી એનો ત્યાગ થઈ શકે.

**भवेच्चचोरविज्ञानं शास्त्रतो धर्मदर्शनात् ॥**
**नहिवंचकविज्ञानं साम्यतोभगवज्जनैः ॥ २३ ॥**

અર્થ--ઉપર કહેલા બહાર અને અંદરના ચોરનું જ્ઞાન તો શાસ્ત્રથી [ કર્તવ્યથી ], ધર્મ દર્શનથી થઇ શકે છે, પણ વંચક પુરૂષમાં ભગવજ્જનના જેવા આચરણ હોવાથી તેનું જ્ઞાન થઇ શકતુ નથી. ૨૩

વિવેચન--ભીતરના ચોર કામ લોભાદિ ચિત્તને હરે છે તેથી તેમનું જ્ઞાન થાય છે. અલ્પ બુદ્ધિવાળાના અધર્મથી એકઠા કરેલા ધનને કુટુંબીજનો, લગ્ન, શ્રાદ્ધ, કસની લડાઇ, નાચારંગ વગેરે પ્રસંગે લેઇ જાય છે, તેથી કુટુંબ રૂપી ચોર પણ જાણવામાં આવે છે, પણ વંચકનાં બહારનાં ચિન્હોં ભકતના જેવાં હોય છે તેથી તેનું જ્ઞાન ઝટ થઇ શકતું નથી.

**नकोपितादृशोधर्मो वैलक्षण्यावबोधकः ॥**
**मृगाणामिवसाधूनां मृगयोरिवगायने ॥ २४ ॥**

અર્થ--જેમ મૃગને પારધીનું ગાયન અથવા સત્પુરૂષોનું ગાયન જાણવાને માટે કાંઇ પણ અસાધારણ ચિન્હ નથી, તેમજ વંચકનું જ્ઞાન થવામાં પણ કોઇ પણ વ્યાવર્તક ધર્મ [ તરત જાણી શકાય એવું ચિન્હ ] નથી. ૨૪

વિવેચન--આ શ્લોકથી પારધી અને વંચકનો મુકાબલો કરવામાં આવે છે. પારધી મૃગને પોતાના ગાયનથી મોહિત કરી પછી બાણવડે મારી નાખે છે, તેમ વંચક મનુષ્ય પણ પોતાના વેષ, ચેષ્ટા અને બોધથી ભકતજનને મોહ પમાડી તેનું ચિત્ત અને વિત્ત હરી લેઇ તેને ભકિત માર્ગથી ખસેડી દેછે.

સત્યપુરૂષનું ગાયન કયું છે અને પારધીનું ગાયન કયું છે એ વાતની જેમ મૃગને ખબર પડતી નથી, તેમ ભોળા દીલના ભકતજનને સાચો ભકત કોણ છે અને વંચક કોણ છે તેની ખબર પડતી નથી.

**अतोपिकिंचिदाधिक्ये वंचकेतुप्रतीयते ॥**
**प्रदर्शनार्थत्वतस्तु वेषादेरिहसर्वथा ॥२५॥**

અર્થ-કેમકે સત્પુરૂષ કરતાં વેષ દેખાડવામાં વંચકનું આધિક્ય છે. સત્પુરૂષોમાં વખતે આચરણ થોડાં દેખાય છે, પણ વંચક તો ઘણાં આચરણોનો આભાસ દેખાડે છે. ૨૫

વિવેચન-સત્પુરૂષને કોઇને ઠગવાનો ઈરાદો ન હોવાથી એ કોઇ પ્રકારનો ઢોંગ કરતો નથી, પણ વંચકને બીજાને ઠગવાનો ઇરાદો હોવાથી તે તમામ જાતનો ડોળ અને ઠાઠ રાખે છે. એ ઠાઠ અને ડોળથી અંજાઇ જઇ ભોળા દીલના ભકતજનો ઠગાઈ જાય છે.

**गृहसंवासतोज्ञेय इतिचेत्तन्नयुज्यते ॥**
**संसर्गे बुद्धिनाशेतु मोहान्नज्ञान संभवः ॥२६॥**

અર્થ-ઘરમાં નિવાસ કરવાથી વંચકને જાણી લેવો ( એમ કહેવામાં આવે તો ) એ પણ યોગ્ય નથી, કેમકે મોહવડે સંસર્ગ થવાથી બુદ્ધિનો નાશ થાય છે, ( તેથી ) તેનું જ્ઞાન થવાનો સંભવ નથી. ૨૬

વિવેચન--કોઈ એમ કહે કે વંચકની સાથે થોડો વખત એક ઘરમાં રહેવાથી તેની પરિક્ષા થઇ શકે, તો તે પણ સંભવતું નથી, કેમકે વંચકના ડોળથી એક વખત અંજાઇ ગયાથી બુદ્ધિનો નાશ થાય છે, તે કારણથી તેના આચરણોમાં કાંઈ દુષણ જોવામાં આવતું નથી. વળી વંચક આસપાસનાં માણસોને એવી રીતે રાજી રાખે છે કે સર્વ એનું ભલુ બોલે અને એની ઉપમા વધારે .એ વગેરે કારણોથી પાસે રહેવાથી પણ વંચકનું ખરૂં જ્ઞાન થઇ શકતું નથી.

**ज्ञानाभावेभवेदेव तत्क्रियासार्थकाखिला ॥**
**संसर्गमात्रतोनाशे कस्यज्ञानोदयोभवेत् ॥ २७ ॥**

અર્થ—અને ( વંચકના સ્વરૂપનું ) જ્ઞાન નહિ થવાથી તે વંચકની સર્વ ક્રિયાઓ સફળ થાય છે. વંચકના સંસર્ગ માત્રથી ( બુદ્ધિનો ) નાશ થવાથી જ્ઞાનનો ઉદય શી રીતે થાય ?

नज्ञापयति चात्मानं यावन्नाशं स वंचकः ॥
नाशयित्वैव भवति निजरूप समास्थितः ॥ २८ ॥

અર્થ—જ્યાં સુધી વંચક સામા પુરૂષને ભ્રષ્ટ કરતો નથી ત્યાં સુધી પોતાનું ખરૂ સ્વરૂપ જણાવતો નથી. સદ્ધર્મથી ભ્રષ્ટ કરીને જ તે પોતાનું સ્વરૂપ દેખાડે છે.

मार्गस्थिते भवत्येव तादृशोऽत्यंतं बाधकः ॥
बलान्नमारयत्येष प्रबोध्यैवच घातकः ॥ २९ ॥

અર્થ—માર્ગ સ્થિતિથી જ તેવા વંચક અત્યંત બાધ કરે છે-કોઈપણ વખત વંચક બળથી મારતો નથી, પણ બોધ કરીને જ મારે છે.

વિવેચન—ભક્તજન જે માર્ગમાં હોય તેજ માર્ગનો વંચક હોય છે, અને તે માર્ગનું ઘણું જ્ઞાન ધરાવવાનો ડોળ રાખી ખોટો બોધ કરીને ભક્ત જનોને ઠગે છે. તે ચોર કે લુંટારાની માફક લાકડી કે બીજા હથિયારથી મારતો નથી, પણ બોધરૂપી હથિયારથી મારે છે.

छलबुद्धि विनाशाय नबलं तस्य साधनम् ॥
अज्ञातः सर्वथा हिंस्रो ज्ञातो नैवाहि बाधकः ॥ ३० ॥

અર્થ—બીજાનો નાશ કરવાને માટે વંચકનું સાધન તેનું બળ નથી પણ તેની છલબુદ્ધિ છે. જ્યાં સુધી તેનું સ્વરૂપ ન જાણ્યું હોય ત્યાં સુધી તે મારે છે ( ઘાત-હિંસા કરે છે ). તે જાણ્યા પછી તે કાંઇ બાધ કરી શકતો નથી.

વિવેચન—વંચક શરીર બળ વાપરી બીજાને મારતો નથી પણ છલબુદ્ધિ-( એક પ્રકારના મનોબળ ) થી બીજાને મારે છે. જ્યાં સુધી તેનું ખરૂ સ્વરૂપ જાણ્યામાં ન આવ્યું હોય ત્યાં

સુધી જ એ બીજાને નુકશાન કરે છે, પણ જ્યારે એનું ખરૂં સ્વરૂપ સામાના સમજ્યામાં આવે છે ત્યારે તે બાધ કરતો નથી.

ज्ञानं त्वशक्यं तस्येति न निस्तारः कथंचन ॥
इति चेत्तत्र सिद्धांत उपायः परिकीर्त्यते ॥ ३१ ॥

અર્થ—તેનું જ્ઞાન તો સર્વ પ્રકારે અશકય છે; તેથી તેના ફાંસામાંથી કોઇ પ્રકારે નિકળી શકાય એમ નથી, એમ જો ધારવામાં આવતું હોય તો, આપણા સિદ્ધાન્તમાં જે ઉપાય છે તે કહી બતાવવામાં આવે છે.

વિવેચન—સાચા ભક્ત જન અને વંચક એ બેની વચ્ચેનો તફાવત જાણવાને માટે આપણા સિદ્ધાન્તમાં ભક્ત જનનાં જે સ્વાભાવિક લક્ષણો કહ્યાં છે તે વંચકમાં છે કે નહિ એ વાતની તજવીજ કરવાથી વંચક પારખી શકાય છે.

भगवद्भक्त साम्येऽपि तदसाधारणो गुणः ॥
निरपेक्षत्वमेतस्मिंस्तदभावाद्धि वंचकः ॥ ३२ ॥
अनाकारित एवा सौ संगे लगाति सर्वथा ॥
प्रार्थिता भगवद्भक्ताः कृपयांति कथंचन ॥ ३३ ॥

અર્થ—ભગવદ્દભક્તના સરખાં આચરણનો આભાસ છતાં પણ ભગવદ્દભક્તોનો અસાધારણ ગુણ જે નિરપેક્ષત્વ છે તે તેનામાં હોતો નથી, અને તે નહિ હોવાથી જ તેને વંચક સમજી લેવો. વંચક વગર બોલાવ્યો જ સાથે લાગે છે અને ભગવદ્ ભકતો તો કોઇપણ પ્રકારે પ્રાર્થના કરવાથી જ કૃપા કરે છે.

વિવેચન—વંચકમાં નિસ્વાર્થીપણું હોતું નથી. તે તો સ્વાર્થી હોય છે. સાચો ભક્ત નિસ્વાર્થી હોય છે. નિસ્વાર્થી મનુષ્ય વગર બોલાવે કોઈની પાસે જતો નથી, પણ વંચક હરકોઈ બહાને બીજાની પાસે જાય છે; અને તેના આગળ પોતાની જાળ પાથરે છે. ભક્તજનને સ્વાર્થ ન હોવાથી તે નિરપેક્ષ (કાંઇપણ ઇચ્છા કે લાલચ વગરનો) રેહે છે. વંચકથી સાચા ભક્તને ઓળખી કાઢવાને મુખ્ય ચિન્હ નિરપેક્ષતા જ છે.

**स द्रव्यमेव विज्ञाय सज्जते स्वार्थ मोहितः ॥**

**दीनेषु भगवद्भक्तास्तदर्थैक प्रसादकाः ॥ ३४ ॥**

વંચકને જાણવાનું બીજું સાધન કહેવામાં આવે છે.

અર્થ—વંચક દ્રવ્યને જાણીને પોતાના સ્વાર્થથી મોહ પામી તેમાં આસક્ત થાય છે, પણ ભગવદ્‌ભક્તો તો દીન જનને વિષે પોતાના સ્વાર્થ વિના તેના સ્વાર્થ માટેજ પ્રસન્ન થાય છે.

વિવેચન—વંચક સ્વાર્થી હોવાથી દ્રવ્યવાનની જ કેડે લાગે છે, અથવા જ્યાંથી દ્રવ્યની પ્રાપ્તિ થવાનો સંભવ હોય ત્યાંજ પોતાનો યત્ન કરે છે, પણ ભક્તજન તો સ્વાર્થ રહિત હોવાથી દીન અને ગરીબ મનુષ્યોના ઉપર સ્વાર્થ વીના કૃપા કરે છે.

**चालयत्ययमुन्मार्गे मायाचाटुकसूक्तिभिः ॥**

**ते तु मार्गे चालयन्ति वचोभिः कटुकौषधैः ॥३५॥**

અર્થ—વંચક કપટ યુક્ત મધુર વાક્યથી ખોટા માર્ગમાં ચલાવે છે, અને સત્પુરૂષો તો કટુ ઔષધરૂપ વાક્યથી સન્માર્ગમાં ચલાવે છે. ૩૫.

વિવેચન—વંચકની વાણી મધુર હોય છે. તે મીઠી વાણીથી સામાને પ્રસન્ન કરે છે. સાચો ભક્ત કડવાં વચન કહેવાની જરૂર પડે ત્યાં કહેવાને અચકાતો નથી, અને તેમ કરીને સામાને તે સન્માર્ગે ચડાવે છે. સામો ધણી ખોટે માર્ગે ચડે તો સારૂ એમ વંચક ધારે છે, તેથી એ મીઠાં વાક્યો બોલી સામાને ખોટે રસ્તે જવાને ઉત્તેજન આપે છે, પણ કડવાં વાક્ય કહી સન્માર્ગે ચડાવતો નથી. એટલા માટે શિક્ષાપત્રમાં કહ્યું છે કે—

**संसृति प्रेरकोवापि तत्संगो दुष्टसंगमः ॥ ८ ॥**

અર્થ—અથવા અહંતા મમતાત્મક સંસારમાં આસક્તિ કરવાની જે પ્રેરણા કરે તેનો સંગ દુષ્ટ સંગ જાણવો—

**एवं विज्ञाय बुध्यैव वैलक्षण्यं हि वंचके ॥**

**तत्संगं तत्र सद्भावं तन्माहात्म्यं परित्यजेत् ॥३६॥**

અર્થ--એ પ્રકારે સત્પુરૂષ અને વંચકનું વૈલક્ષણ્ય બુદ્ધિથી જાણીને વંચકના સંગનો, તેને વિષે સદભાવનો, અને તેના માહાત્મ્યનો ત્યાગ કરવો. ૩૬.

વિવેચન--ઉપર કહેલા વંચકના સંગનો ત્યાગ કરવો. સંગ કરવો હોય તો માત્ર સાધુ પુરૂષનોજ કરવો. સાધુ પુરૂષ તેજ કે જે શ્રી કૃષ્ણમાં કારણ રહિત પ્રીતિનો બોધ કરે અને જે નિરપેક્ષ તથા સાત્વિક હોય.

अन्यथा मार्ग निष्टोऽपि विनाशं प्राप्नुयान्नरः ॥
अत एवास्मदाचार्यैरुक्तं स्वीय कृपालुभिः ॥३७॥
पाषंड प्रचुरे लोके कृष्ण एव गतिर्मम ॥
अन्यत्राप्युक्तमेवं हि शिक्षापद्येषु सर्वथा ॥ ३८ ॥

અર્થ—ઉપર કહ્યા પ્રમાણે વંચકનો ત્યાગ કરવામાં ન આવે તો માર્ગ નિષ્ટ પુરૂષ પણ વિનાશ પામે છે. એટલા માટે સ્વાશ્રિતજનને વિષે કૃપા રાખનાર આપણા આચાર્યશ્રીએ કહ્યું છે કે લોકોમાં પાખંડનો પ્રચાર થવાથી શ્રી કૃષ્ણ એજ મારી ગતિ છે, અને એજ પ્રકારે અન્ય સ્થળે શિક્ષાપદ્યને વિષે મેં પણ યથાયોગ્ય કહેલું છે. ૩૭–૩૮.

વિવેચન--શ્રીમદાચાર્યે શ્રી કૃષ્ણાશ્રય ગ્રંથમાં કહે છે કે દુનિયાંમાં ખરા ધર્મને બદલે પાખંડ ધર્મ વધી પડયો છે એ કારણથી શ્રી કૃષ્ણ એજ મારી ગતિ થાઓ. નિબંધમાં પણ આચાર્યશ્રી લખે છે કે,

अधुनातु कलौ सर्वे विरुद्धाचार तत्पराः ।
स्वाधायादि क्रियाहीनास्तथाऽऽचारपराङ् मुखाः ॥२१२॥
क्रियमाणं तथाऽचारं विधिहीनं प्रकुर्वते ॥
विक्षिप्त मनसो भ्रांता जिह्वोपस्थ परायणाः २१३ ॥
व्रात्यप्रायाःस्वतो दुष्टास्तत्र धर्मः कथंभवेत् ॥
षड्भिः संपद्यते धर्मस्तेदुर्लभतराःकलौ ॥ २१४ ॥

અર્થ—આ વખતમાં સર્વ ( લોકો ) શાસ્ત્ર વિરૂદ્ધ આચરણ કરવામાં તત્પર થયા છે. સ્વાધ્યાયાદિ વેદમાં બતાવેલી ક્રિયા રહિત છે. તેઓ જે ક્રિયમાણુ કરે છે તે વિધિહીન કરે છે. તેઓ વિક્ષિપ્ત મનવાળા અને ભ્રાન્તિવાળા છે, અને જીભ અને ઉપસ્થના વિષયોને આધીન છે. ઘણે ભાગે તેઓ યજ્ઞોપવીત્ સંસ્કાર રહિત છે અને જાતે દુષ્ટ છે. ત્યારે ધર્મ શી રીતે થાય. છ પદાર્થો (દેશ–કાળ–દ્રવ્ય–કર્તા–કર્મ અને મંત્ર) શુદ્ધ હોય તો ધર્મની પ્રાપ્તિ થાય.

એ છ પદાર્થો આ કલિયુગમાં શુદ્ધ મળવા મુશ્કેલ છે. એટલાજ માટે શ્રી હરિરાયજી શિક્ષાપત્રમાં લખે છે કે,

**शुद्धभावः प्रभौस्थाप्यो न चातुर्यं प्रयोजकम् ॥**

અર્થ—શુદ્ધ ભાવનુ પ્રભુમાં સ્થાપન કરવું જોઇએ. વંચકની માફક ચતુરાઇ બતાવવાનું કાંઇ પ્રયોજન નથી.

**प्रावाहिकास्तेऽपि चेत्स्युरुपेक्षै वोचिता तदा ॥**
**एवं विज्ञाय सततं स्थेयं वै सावधानिभिः ॥ ३९ ॥**
**सेवापरैः कथासक्तैः सत्संग परिशोधकैः ॥**
**बाह्यव्यापारराहितैर्भगवद्भावभावुकैः ॥ ४० ॥**
**दैन्यमात्रपरिश्रांतैरसदालापवर्जितैः ॥**
**श्रीकृष्णदर्शनार्थातैर्निजाचार्याश्रिताश्रितैः ॥ ४१ ॥**

**इति श्री हरिदास विरचितं भक्तानांदुःसंगविज्ञानप्रकार निरूपणं समाप्तम् ॥**

અર્થ—અને ભગવદ્ ભકતો પણ ભકિતને છોડી દેઇ પ્રવાહમાં હોય તો તેમની પણ ઉપેક્ષા કરવી ઉચીત છે. આ પ્રમાણે જાણીને સેવામાં તત્પર, ભગવત્કથામાં આસકત, સત્સંગના શોધક, બાહ્ય વિષયોના વ્યાપાર રહિત, ભગવદ્ ભાવનો રસ જાણનાર, માત્ર દૈન્ય વડે સાધનથી વિરામ પામેલા, અસદાલાપરહિ-

ત, શ્રી કૃષ્ણના આવિર્ભાવની આકાંક્ષાથીજ પીડિત, અને શ્રી આચાર્ય શરણનો આશ્રય રાખનાર પુરૂષોએ નિત્ય નિરંતર સાવધાનપણે સ્થિતિ કરવી.

વિવેચન—પ્રવાહનું લક્ષણ પુષ્ટિ પ્રવાહ મર્યાદા ગ્રંથમાં આપ્યું છે. તેમાં કહ્યું છે કે પ્રવાહમાં રહેલા જીવો આસુરી છે. તેઓ ધર્મમાં પ્રવૃત્તિ અને અધર્મથી નિવૃત્તિને જાણતા નથી, એટલે ધર્મમાં પ્રવૃત્ત થવું, અને અધર્મથી નિવૃત્ત થવું તે તેઓ જાણતા નથી. તે કારણથી તેઓમાં પવિત્રતા, આચાર કે સત્ય હોતું નથી.

પ્રવાહમાં ભળેલા જીવોનો સંગ કરવો યોગ્ય નથી. ભકત જનોએ એવા જીવોની સોબત અવશ્ય તજવી જોઈએ, એટલુંજ નહિ પણ જે પૂર્વે ભક્તિ માર્ગમાં હોય તે પાછળથી પ્રવાહમાં ભળી ગયેલો હોય તો તેનો સંગ પણ તજવા યોગ્ય છે.

દીનતા ભાવથી અહંતા અને મમતાનો નાશ થાય છે માટે અન્ય સ્થળે શ્રી હરિરાયજી કહે છે કે ભક્તિમાર્ગમાં જે સાધનોથી દૈન્ય સારી રીતે સિદ્ધ થાય તે સાધનો ગ્રહણ કરવા યોગ્ય છે, અને જેથી દૈન્યનો નાશ થાય તે સર્વ વિરોધી છે એમ જાણવું. (શિક્ષા પત્ર ૩૪–૧૫). વળી શ્રી આચાર્યજી મહા પ્રભુજીએ સુબોધિનીજીમાં કહેલું છે કે,

भक्तानांदैन्यमेवैकं हरितोषण साधनम्

ભકતોને શ્રી હરિને પ્રસન્ન કરવાનું મુખ્ય સાધન દીનતાજ છે.

यस्यदेवे पराभक्तिर्यथादेवे तथा गुरौ ॥
तस्यैते कथिताह्यर्था प्रकाशन्ते महात्मनः ॥
केनापिनानिरुद्धोऽहंनिजाचार्यकृपाबलात् ॥
यत्सत्यंभयत्यागेनविवृतंस्फुरितंहृदि ॥ १ ॥

સમાપ્ત.

# शुद्धिपत्र.

| अशुद्ध. | पृष्ट. | पंक्ति. | शुद्ध. |
|---|---|---|---|
| મૂહુર્ત | ૫ | ૧૨ | મુહૂર્ત |
| वांदा | ૫ | ૧૯ | बांट |
| छेधा | ૧૪ | ૯ | छिद्रा |
| चित्तंमात्र हराः | ૨૧ | ૧૯ | चित्तमात्रहराः |
| अंतराः | ૨૪ | ૨૨ | आंतराः |
| ब्राह्याः | ૨૪ | ૨૨ | बाह्याः |
| साधनः | ૨૪ | ૨૩ | साधनैः |
| કવચીત | ૨૭ | ૨૫ | ક્વચિત |
| विश्वासो | ૨૮ | ૪ | विश्वासे |
| પુસ્ત | ૨૯ | ૧૩ | પુસ્તક |
| સત્યપુરૂષ | ૩૧ | ૨૪ | સત્પુરૂષ |
| आधिक्ये | ૩૨ | ૧ | आधिक्यं |
| तादंशो | ૩૩ | ૯ | तादृशो |
| अत्यंतं बाधकः | ૩૩ | ૯ | अत्यंत बाधकः |
| વીના | ૩૫ | ૧૦ | વિના |
| સદભાવ | ૩૬ | ૨ | સદ્ભાવ |
| निष्ठो | ૩૬ | ૮ | निष्ठां |
| स्वाधायादि | ૩૬ | ૨૩ | स्वाध्यायादि |
| संपद्यस्ते | ૩૬ | ૨૭ | संपद्यते. |
| યજ્ઞોપવીત | ૩૭ | ૫ | યજ્ઞોપવીત |
| ह्यर्था | ૩૮ | ૨૩ | ह्यर्थाः |

# જાહેર ખબર.

## વૈષ્ણવોપયોગી પુસ્તકો.

૧ દુઃસંગ વિજ્ઞાન—ગુજરાતીમાં—શ્રી હરિરાયજીના જીવનચરિત્ર, ઉદ્દઘાત, અને ભાષાન્તર સાથે.

૨ શ્રીમદ્દ્વલ્લભાચાર્યજીનું જીવનચરિત્ર, એમના રચેલા ૯૬ ગ્રંથોના સાર વગેરે સાથે.

૩ કામાખ્ય દોષ વિવરણ.

૪ માલાપ્રસંગનો સાર.

નંબર ૨-૩-૪ ના પ્રસિદ્ધ કરનાર પારેખ લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસ. નં. ૧-૩ ની કિંમત દરેકના બે આના, નંબર ૨ ની કિંમત રૂ. ૨-૦-૦ અને નંબર ૪ ની કિંમત આના ચાર. સામટાં રાખનારને કીફાયતે.

મળવાના ઠેકાણાં:—

મુંબાઇ—એન. એમ. અને કંપની, તથા જયેષ્ટારામ મુકુંદજી કાલબાદેવી રોડ, તથા આર. કાન્તિલાલની કંપની, ગિરગામ.

અમદાવાદ—ગુજરાતી પંચ પ્રેસની ઓફીસમાં, પાંચકુવા દરવાજા પાસે. તથા મોતીલાલ મગનલાલ પુસ્તક વેચનાર રીચી-રોડ, અને બીજા પુસ્તકો વેચનારને ત્યાં.

વડોદરા—રા. નારાયણ ચિંતામણ આઠવલે, કોઠી પાસે.

રાજકોટ—રા. રા. આણંદજી વેલજી પરમાર, વૈષ્ણવ ઓફીસ તથા બીજાં પુસ્તકો વેચનારને ત્યાં.

☞ વૈષ્ણવ ઉપયોગી ગ્રંથોની જાહેર ખબર "ગુજરાતી પંચ" માં આપવામાં આવે છે.